**સુવિચાર**

''શ્રેય અથવા મોક્ષ મેળવવા માટે સંસારના સર્વ મનુષ્યો કાજે ભગવાન શ્રી કૃષ્ણએ જે આપ્યું છે, તે છે શ્રીમદ્ ભગવદ્ગીતા''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૩/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ ફાગણ વદ-૪ વર્ષ : ૧૭ અંક : ૦૭૦


## ઈરાન-ઈઝરાયલ, અમેરિકા વચ્ચે યુધ્ધની પરિસ્થિતિને લઈને

# અમરેલી જિલ્લામાં પેટ્રોલ-ડીઝલની અછત થવાની અફવા

### ખેડૂતો ટ્રેકટર અને બેરલ સાથે જુદા-જુદા પેટ્રોલ પંપ ઉપર ડીઝલ ખરીદવા લાઈનમાં લાગ્યા

### જુદા-જુદા પેટ્રોલ પંપ ઉપર ઓચિંતા વાહનોની કતાર લાગી જતાં પંપ સંચાલકોમાં પણ આશ્ચર્ય

### જો કે પેટ્રોલ-ડીઝલની કોઈ અછત છે નહી અને થવાની પણ નથી એટલે ચિંતા મુકત રહો

### જિલ્લા પુરવઠા અધિકારી પ્રતિક કુંભાણીએ પણ અફવાથી ન દોરાવવા સૌને અપિલ કરી

અમરેલી, તા. ૬

આપણાં ગુજરાતમાં કહેવત છે કે, 'ભેંસ ભાગોળે, છાશ છાગોળે અને ઘરમાં ઘમાઘમ' મુજબ પાડોશી દેશો વચ્ચે ચાલી રહેલ યુધ્ધની પરિસ્થિતિ વચ્ચે અમરેલી શહેર સહિત જિલ્લાઓમાં છેલ્લા બે દિવસથી પેટ્રોલ અને ડીઝલની અછત અંગેની અફવાઓ ફેલાઈ રહી છે.

ત્યારે અમરેલી જિલ્લામાં પણ આવી જ અફવાઓ ફેલાતા લોકોમાં ચિંતા ફેલાઈ હતી. જેના કારણે અમરેલી, સાવરકુંડલા, ધારી અને વડીયા સહિતનાં શહેરોમાં અનેક પેટ્રોલ પંપો પર વાહનોની ભારે ભીડ જોવા મળી હતી.

શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો પોતાના વાહનો લઈને પેટ્રોલ-ડીઝલ ભરાવવા માટે નજીકનાં પેટ્રોલ પંપ પર પહોંચી ગયા હતા. તેમાં પણ ખાસ કરીને ખેડૂતો ટ્રેકટર તેમજ બેરલ અને કેન લઈને ડીઝલ ભરાવવા આવતા જોવા મળ્યા હતા. જેના કારણે અનેક પેટ્રોલ પંપો પર લાંબી કતારો લાગી હતી અને કેટલાક સ્થળોએ ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી.

અમરેલી શહેર સહિતના શહેરમાં પેટ્રોલ-ડીઝલ નહીં મળે એવી અફવા ફેલાતા દરેક પેટ્રોલ પંપ પર માંગમાં અસાધારણ વધારો થયો હતો. ભારે માંગને કારણે એક પંપ પર થોડા સમય માટે પેટ્રોલ ખૂટી જતા વેચાણ તાત્કાલિક બંધ કરવું પડયું હતું. ખેડૂતો પોતાના કૃષિ મશીનો માટે બેરલ અને કેન ભરાવવા વાહનો સાથે ઉમટી પડતા પંપ વિસ્તારમાં ભારે દોડધામ જોવા મળી હતી.

આ અંગે અમરેલી જિલ્લા



પુરવઠા અધિકારી પ્રતીક કુંભાણીએ જણાવ્યું હતું કે અમરેલી જિલ્લાના દરેક તાલુકામાં આવેલા વિવિધ કંપનીઓના પેટ્રોલ પંપ પર પૂરતા પ્રમાણમાં પેટ્રોલ અને ડીઝલનો સ્ટોક ઉપલબ્ધ છે. કેટલીક અફવાઓના કારણે લોકોમાં ગેરસમજ ફેલાઈ રહી છે.

તેમણે મીડિયા મારફતે જાહેર જનતાને અપીલ કરતાં જણાવ્યું હતું કે જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને તમામ પેટ્રોલ પંપ પર નિયમિત વિતરણ ચાલુ છે. તેથી કોઈ પણ પ્રકારની અફવાઓથી ગેરમાર્ગે દોરાવું નહીં અને બિનજરૂરી રીતે સંગ્રહખોરી કરવી નહીં.

જિલ્લા વહીવટી તંત્ર અને કલેકટર કચેરી તરફથી પણ લોકોને શાંતિ રાખવાની અને અફવાઓ પર વિશ્વાસ ન રાખવાની અપીલ કરવામાં આવી છે.

## અવારનવાર પાણી ભરાતુ હોવાથી

# કોટડાપીઠા-જસદણ-વાયા ખાનપર નજીકનાં બેઠા પુલને ઊંચો બનાવવા માંગ

### જવાબદાર વિભાગ સમક્ષ રજુઆત કરવામાં આવી



તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૬

કોટડાપીઠાથી જસદણ વાયા ખાનપર ગામ પાસે જે બેઠો પુલ/કોઝવે છે. જેમાં ચોમાસામાં વરસાદનું પાણી તથા શિયાળો તથા ઉનાળો સૌની યોજનાનું પાણી છોડયા ત્યારે પાણી ભરાય રહેવાથી તથા બેઠા પુલમાં પાણી ભરાય ત્યારે ઉંડા ખાડા પડી જવાથી પાણીની ઉંડાઈ જાણી શકાતી ન હોવાથી ટુવ્હીલ ચાલકો તેમજ ફોર વ્હીલ ચાલકો રસ્તે જતા રાહદારી પાણી ભરાઈ જવાથી અનેક વાહનો ઉપરથી જવાથી નાની-મોટી ઈજા થતી હોય છે જયારે બેઠા પુલમાં પાણી ભરાવવાથી કોઝવે પર પસાર થવું ભારે પરેશાની ભોગવવી પડે છે. અગાઉ આ બેઠા પુલને ઉંચો બનાવવા માટેની માંગણી હતી. છતાં અમરેલી જિલ્લાની હદમાં આવેલ આ પુલને તંત્રએ બેઠો પુલ હતો તે સ્થિતિમાં બનાવી નાખ્યો. જેને લીધે આજે પણ વાહન ચાલકો તથા રાહદારીઓ યાતનાં ભોગવી રહ્યાં છે. ટ્રાફિકથી ધમધમાટ કોટડાપીઠા જસદણનાં આ માર્ગને ડબલ પછી પેવર પટ્ટીથી મરવા લાંબા સમયની માંગણી છે. આ બેઠા પુલ /કોઝવેને તાત્કાલીક ઉંચો સ્લેબવાળો પુલ બનાવવા વાહનચાલકો તથા વોલેની માંગણી છે. કોટડાપીઠાથી જસદણનો આ રોડ બાબરા, અમરેલી, ભાવનગરની બાજુથી જસદણ, ચોટીલા, પાળીયાદ તરફ જતા વાહનચાલકો આ રસ્તેથી આવતા જતા હોય ચોવીસ કલાક ટ્રાફિકથી ધમધમતો હોય છે તો આ પુલ વહેલી તકે અમરેલી આર એન્ડ બી વિભાગ આ બેઠા પુલને સ્લેબવાળો ઉંચાઈ વાળી બનાવવા ઘટતુ કરવા વાહનચાલકો તેમજ લોકોની માંગણી છે.

## ગાંધીનાં ગુજરાતમાં સતત દારૂ પકડાવાની ઘટના સામે આવી રહી છે

# બાબરાનાં મોટા દેવળીયા માર્ગ ઉપર કારમાંથી વિદેશી દારૂની ૩૭૮ બોટલ કબ્જે કરવામાં આવી

### કાર સહિત ૯.૪૦ લાખનાં મુદ્દામાલ સાથે ૨ વ્યકિતની અટકાયત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૬

બાબરા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકર એમ.આર.શેઠની રાહબરી નીચે એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી, હેડ કોન્સ. રાજેન્દ્રસિંહ વાઘેલા, રાજેશભાઈ રાઠોડ, પો.કોન્સ. જગદીશભાઈ રામાણી, વિજયભાઈ ચારડીયા તથા ભુપતભાઈ સરસીયાની ટીમ મોટા દેવળીયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળેલ કે બાબરા તરફથી એક ભારતીય બનાવટનાં વિદેશી દારૂ ભરેલ બ્રેઝા ફોર વ્હીલ ગાડી મોટા દેવળીયા તરફ આવી રહી છે. જે હકીકતનાં આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ ગાડીને અટકાવી તપાસ કરતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની 'ફોર સેલ ઈન હરિયાણા' માર્ક વાળી વિદેશી દારૂની કુલ ૩૭૮ બોટલો (કિંમત રૂા. ૩,૩૫,૨૦૦/-) મળી આવેલ હતી, જેમાં બ્લેન્ડર્સ પ્રાઈડ વ્હિસ્કીની ૫૪ બોટલ, મેજિક મોમેન્ટસ ગ્રીન એપલ વોડકાની ૧૦૮ બોટલ,


અનુસંધાન પાના ૬ ઉપર



**ઓફીસ / ફ્લેટ વેચવાના છે....**

મોકાની ઓફીસ ફુલ ફર્નિચર અને ભાડાની આવક સાથે વેચવાની છે.

ગીરધરભાઈ સંગ્રાહલય શોપીંગ સેન્ટર
પોસ્ટ ઓફિસ સામે - અમરેલી

**કસમાં ફ્લેટ વેચવાનો છે...**

ગોકુલધામ એપાર્ટમેન્ટ, લાઠી રોડ - અમરેલી
સંપર્ક : 9377448644









**અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી**

**અમરેલી માં...**

Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. જતીન વખારિયા** કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. પાર્થ જોષી** MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી **ડો. સંદીપ ખેની** હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. શ્રેયા બુટાલા** MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |

**આસ્થા હોસ્પિટલ**
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

### ૪થા એડીશનલ જજ સમક્ષ કેસ ચાલી જતા

# અમરેલી : તરવડાના એટ્રોસીટી કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો

## એડવોકેટ જયેશ ત્રિવેદી અને અર્જુન કાકડીયાની દલીલો સફળ





અમરેલી, તા. ૬

અમરેલી તાલુકાના તરવડા ગામે રહેતા રણજીતભાઈ બિચ્છુભાઈ ડાંગર સામે પ્રતાપભાઈ દાફડા રે. સરંભડાએ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.એસ. ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧), (આર) (એસ) તથા ૩(૨), ૫(એ) મુજબની ફરિયાદ રણજીતભાઈ બિચ્છુભાઈ ડાંગર સામે ચાર્જશીટ કરવામાં આવેલ અને તેનો સ્પે. એટ્રોસીટી કેસ નં. ૧૬/૨૦૨૫ અમરેલી ચોથા એડીશનલ સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવ સમક્ષ કેસ ચલાવવામાં આવેલ અને તે કેસના કામે તમામ પુરાવાનું મુલ્યાંકન કરી અને આરોપી તરફે રોકાયેલા જયેશ પી. ત્રિવેદી તેમજ એડવોકેટ અર્જુન આર. કાકડીયા (ચલાલાવાળા)ની વિગતપૂર્વકની રજુઆત અને દલીલોને ધ્યાને લઈ તા. ૫/૩/૨૬ના રોજ કોર્ટ દ્વારા રણજીભઈ બિચ્છુભાઈ ડાંગરને નિર્દોષ છોડી મુકવામાં હુકમ કરવામાં આવેલ. આ કેસમાં આરોપી તરફે બચાવ માટે એડવોકેટ જયેશ પી. ત્રિવેદી તેમજ અર્જુન આર. કાકડીયા (ચલાલાવાળા) રોકાયેલ હતા.

### જિલ્લા રઘુવીશ સેના દ્વારા

# ચલાલા : જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગીતાબેન કારીયાનુ સન્માન કરાયુ

## રઘુવંશી સમાજ માટે ગૌરવની ક્ષણ





ચલાલા, તા. ૬

અમરેલી જિલ્લામાં રઘુવંશી સમાજના સર્વાંગી વિકાસ માટે આરોગ્ય, શિક્ષણ, સુરક્ષા રોજગારી સહીત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજહિતના કાર્યો કરતી અમરેલી રઘુવીર સેના દ્વારા તાજેતરમાં સન્માન સમારોહ યોજાયો હતો.

તાજેતરમાં અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ તરીકે મહત્વપૂર્ણ જવાબદારી પ્રાપ્ત કરનાર ચલાલા રઘુવંશી સમાજના મહિલા અગ્રણી અને ચલાલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી ગીતાબેન પ્રકાશભાઈ કારીયાને અમરેલી રઘુવીર સેના દ્વારા સાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. તેમની આ નિમણૂંકથી સમગ્ર રઘુવંશી સમાજમાં ગૌરવ અને આનંદની લાગણી પ્રસરી છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત બાદ

# બાબરાનાં રાયપરથી સમઢીયાળા વચ્ચેનો માર્ગ અઢી કરોડનાં ખર્ચે બનશે

## ગ્રામ્ય વિસ્તારનાં વિકાસમાં મહત્વની કડી ઉમેરાશે

અમરેલી, તા. ૬

બાબરા તાલુકાના રાયપર ગામ અને આસપાસના વિસ્તારોના વિકાસને વધુ ગતિ મળે તે માટે મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ધારાસભ્ય જનક તળાવીયાના સતત પ્રયત્નો અને રજૂઆતોના પરિણામે રાયપર ગામ ખાતે સંતશ્રી વિરાઆપાની જગ્યાથી રાયપર–સમઢીયાળા મુખ્ય માર્ગ સુધી અંદાજિત રૂા. ૨.૫૦ કરોડના ખર્ચે સિમેન્ટ કોંક્રિટ (સી.સી.) રોડના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

આ માર્ગ વિસ્તારના ગામજનો માટે લાંબા સમયથી જરૂરી હતો. ખાસ કરીને સંતશ્રી વિરાઆપાની જગ્યાએ દરરોજ મોટી સંખ્યામાં ભકતો તથા ગામજનો આવાગમન કરતા હોય છે, જેના કારણે અહીં મજબૂત અને સુવિધાસભર માર્ગની જરૂરિયાત અનુભવાતી હતી. વરસાદી ઋતુ દરમિયાન કાચા રસ્તાના કારણે વાહન વ્યવહાર તથા ગામજનોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે સી.સી. રોડના નિર્માણથી આ સમસ્યાઓનો કાયમી ઉકેલ આવશે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ, પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપીને વિકાસ કાર્યો આગળ ધપાવવામાં આવી રહ્યા છે. રાયપર ગામ માટે મંજૂર થયેલ આ સી.સી. રોડથી માત્ર ગામજનોને જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોના લોકો અને યાત્રાળુઓને પણ મોટી રાહત મળશે.

આ રોડના નિર્માણથી રાયપર ગામને સમઢીયાળા માર્ગ સાથે વધુ સુગમ જોડાણ મળશે, જેના કારણે પરિવહન વ્યવસ્થા સુધરશે અને ગ્રામ્ય વિસ્તારોના સામાજિક તથા આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે. ખેડૂત મિત્રો, વિદ્યાર્થીઓ અને રોજિંદા કામકાજ માટે જતા લોકોને પણ આ માર્ગથી સરળતા રહેશે.

સ્થાનિક ગ્રામજનો દ્વારા આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર વ્યકત કરવામાં આવ્યો છે. ગામના આગેવાનોનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં વિકાસ કાર્યોમાં નોંધપાત્ર વધારો થયો છે અને અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અમલમાં આવી રહી છે.

ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં પણ વિસ્તારમાં વધુ વિકાસ કામોને પ્રાથમિકતા આપવામાં આવશે અને લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકારની વિવિધ યોજનાઓનો લાભ ગામડાઓ સુધી પહોંચાડવા સતત પ્રયત્ન કરવામાં આવશે.

# વેગવંતુ બનતુ પ્રાકૃતિક કૃષિ અભિયાન નાના ચરખા અને પાણિયાદેવ ખાતે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો

## ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે સમજ અપાઈ

અમરેલી, તા. ૬

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અમરેલી દ્વારા જિલ્લાના ધારી તાલુકામાં પ્રાકૃતિક કૃષિ અભિયાન વેગવંતુ બનાવવામાં આવ્યું છે. ધારી તાલુકાના નાના ચરખા અને પાણિયાદેવ ખાતે ખેડૂતો માટે એક દિવસીય વિશેષ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માર્કેટીંગ મેનેજર રાજભાઈ અકબરી, બી.ટી.એમ, નિતિન સાવલિયા, એગ્રી આસિસ્ટન્ટ તેજસ સભાડ ઉપસ્થિત રહ્યા હતા.

તે પ્રાકૃતિક ખેતીનું મહત્વ, તેના લાભો તેમજ ખેડૂતની આવક વધારવામાં તેની ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તાલીમ દરમિયાન, અકબરી દ્વારા પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભો, વિવિધ પાકોની નવી અને સુધારેલી જાતો, ખેતી પદ્ધતિ, પોષણ વ્યવસ્થાપન તથા ઉત્પાદન ખર્ચ ઘટાડવાના ઉપાયો અંગે અને પ્રાકૃતિક કૃષિના માર્કેટીંગ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

પાણિયાદેવ ગામના ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, દશપર્ણી અર્ક, નીમાસ્ત્ર જેવી ઈનપુટસની તૈયારી અને ઉપયોગ અંગે સીધી માહિતી આપવામાં આવી હતી.

પ્રાકૃતિક ખેતી દ્વારા રોગ તથા જીવાત નિયંત્રણ, જમીનની જીવંતતા વધારવી, ખર્ચ ઘટાડવો તેમજ પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રકારની તાલીમોથી પ્રાકૃતિક ખેતીને વધુ વેગ મળશે અને ખેડૂતોને ટકાઉ, ખર્ચ ઘટાડતી તથા પર્યાવરણ મિત્ર ખેતી તરફ આગળ વધવાની પ્રેરણા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

### ગામનાં તળાવમાં ૩૫૦ કિ.મી. દુરથી નર્મદાનાં નીર પહોંચતા ખુશીનો માહોલ

# અમરેલીનાં મોણપુર મુકામે ''સૌની યોજના'' લિંક-૪ હેઠળ સ્કાવર વાલ્વનું લોકાર્પણ કરતાં પ્રભારીમંત્રી અને રાજયમંત્રી

## ચિત્તલ ખાતે રૂા. ૨.૩૩ કરોડનાં ખર્ચે ''નલ સે જલ'' યોજનાનું લોકાર્પણ









અમરેલી, તા. ૬

''સૌની યોજના'' (SAUNI - Saurastra Narmada Avtaran Irrigation) હેઠળ ગુજરાતની જીવાદોરી નર્મદા નદીનું પાણી પાઈપલાઈન મારફત સૌરાષ્ટ્રના ડેમ અને તળાવોમાં ભરવામાં આવે છે, આ પ્રોજેકટ હેઠળ અંદાજે ૧,૧૨૬ કિ.મી. લાંબી પાઈપલાઈન નેટવર્કનો સમાવેશ થાય છે, સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર કચ્છ માટે 'સૌની યોજના' થકી ગ્રામ્ય સાથે શહેરી વિસ્તારોની કાયાપલટ થઈ છે, સૌરાષ્ટ્ર હરિયાળું અને સમૃદ્ધ બન્યું છે.

અમરેલીના મોણપુર મુકામે જિલ્લા પ્રભારી અને અને કૃષિ મંત્રી, જીતુભાઈ વાઘાણી અને ઊર્જા રાજયમંત્રી, કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ''સૌની યોજના'' લિંક-૪, પેકેજ-૫ હેઠળ સ્કાવર વાલ્વનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આ કાર્યક્રમમાં સંસદ સભ્ય, ભરતભાઈ સુતરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, મોણપુર મુકામે રાજયના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ કુલ રૂા. ૨૭.૮૪ લાખના ખર્ચે સ્કાવર વાલ્વ અને પાઈપલાઈન કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ સુવિધા મારફત મોણપુર ગામનાં તળાવમાં અંદાજે છે ક ૩૫૦ કિ.મી દૂરથી નર્મદાના નીર પહોંચાડવામાં આવ્યા છે. સ્કાવર વાલ્વનુ લોકાર્પણ થતા પીવાના પાણી અને ખેતીવાડી સિંચાઈના ઉપયોગ માટે પાણીની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે, હવે પાણીની સમસ્યા કાયમી માટે ભૂતકાળ બનશે.

જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સૌની યોજના થકી સૌરાષ્ટ્રની પાણીની સમસ્યાનો કાયમી અંત આવ્યો. નર્મદાના પાણી છેક સૌરાષ્ટ્ર–કચ્છ સુધી પહોચ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુદીર્ઘદ્રષ્ટિ અને કલ્પના થકી આજે ''નેવાના પાણી, મોભે ચડયા'' છે. પાણીથી પેઢીઓ તરી જાય છે, ખેતીવાડી સમૃદ્ધિ તરફ આગળ ધપે છે. વધુમાં ઉમેર્યુ કે, રાજય સરકારે માત્ર પંચરોજકામના આધારે ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ આપી ખેડૂતોને કમોસમી વરસાદની સ્થિતિમાં તેમની ચિંતાઓ દૂર કરવામાં મદદ કરી છે.

ઊર્જા રાજયમંત્રી, કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, મોણપુર મુકામે છેલ્લા પાંચ વર્ષથી પાણીની સમસ્યા હતી. વારંવાર રજૂઆતના અંતે અહીં સ્કાવર વાલ્વ મૂકવામાં આવતા અહીંની ખેતી સમૃદ્ધ થશે, ખેડૂતોને લાભ થશે.

ચિત્તલ મુકામે 'જલ જીવન મિશન' હેઠળ 'જળ અર્પણ' કાર્યક્રમમાં યોજાયો હતો. જિલ્લા પ્રભારી મંત્રી, જીતુભાઈ વાઘાણી સહિતના મહાનુભાવોના હસ્તે અંદાજે રૂા. ૨.૩૩ કરોડના ખર્ચે 'નલ સે જલ' યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ યોજના થકી અંદાજે ૨૧૮ ઘરમાં પીવાનું શુદ્ધ પાણી પૂરૂં પાડવામાં આવશે. પીવાના શુદ્ધ પાણીની સમસ્યા ભૂતકાળ બનશે. ઉપરાંત ખેડૂતો માટે બંધારાના ઉપરવાસમાં સ્લેબડ્રેઈન, પૂરસંરક્ષણ દિવાલ, કોમ્યુનિટી હોલ, સી.સી. રોડ, ભૂગર્ભ ગટર સહિના વિવિધ વિકાસકાર્યો અંદાજે રૂા. ૪૮ લાખના ખર્ચે હાથ ધરવામાં આવશે, જેનું ખાતમુહૂર્ત મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

ચિત્તલ મુકામે 'જળ અર્પણ' કાર્યક્રમમાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ગામડામાં એક સમયે પીવાના શુદ્ધ પાણીની સમસ્યા હતી, જે હવે ભૂતકાળ બની છે. હવે 'જલ જીવન મિશન'– દરેક ગામની નવી ઓળખાણ બની છે. પાણીના ટેન્કર રાજ હંમેશ માટે નાબૂદ થયા. કૃષિ મંત્રીએ રાસાયણિક કૃષિના ગેરફાયદાઓ અને આરોગ્ય વિષયક નુકશાન તરફ ધ્યાન દોરીને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યુ હતું.

ચિત્તલ મુકામે 'જળ અર્પણ' કાર્યક્રમમાં રાજયમંત્રી, કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, રાજય સરકાર દ્વારા પીવાના શુદ્ધ પાણીની સુવિધા માટે પ્રતિબધ્ધતા સાથે કામગીરી કરવામાં આવી છે. 'જલ જીવન મિશન' થકી છેવાડાના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવામાં આવ્યું છે.

મોણપુર અને ચિત્તલ મુકામે સ્કાવર વાલ્વ લોકાર્પણ અને ચિત્તલ ખાતે 'જળ અર્પણ' કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ, સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત પ્રમુખ, કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા અને તાલુકા પંચાયત સભ્યો, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, તાલુકા વિકાસ અધિકારી જિલ્લાના અગ્રણીઓ, સંબંધિત વિભાગના અધિકારીઓ, મોણપુર અને ચિત્તલ ગામ સરપંચ, સ્થાનિક આગેવાનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબાપુર ખાતે સરસ્વતી સર્વોદય મંદિરમાં સ્થાપના દિનની ઉજવણી



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૬

સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર મુકામે ૭૮મો સંસ્થાનો સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સમસ્ત ગ્રામજનો આગેવાનો અમેરિકાથી પધારેલા નિખિલભાઈ પુરોહિત તથા નંદાબેન પુરોહિત તેમજ સંસ્થાના વડીલ નીતિનભાઈ બોરાણીયા મોહનભાઈ વાળા તેમજ સંસ્થાના નિયમા મંદાકિનીબેન પુરોહિત તે સંસ્થાના સ્થાપના દિન નિમિત્તે સંસ્થાના પાયાથી માંડી અને અત્યાર સુધી સંસ્થાએ કરેલી પ્રગતિની વાત કરી આ પાવન પ્રસંગે મહિલા અધ્યાપન મંદિરની બહેનોએ મોટા બા ઉપર આધારિત સરસ મજાનું નાટક રજૂ કર્યું બાલ ઘરના નાના ભૂલકાઓએ ડાન્સ રજૂ કર્યો સમગ્ર કાર્યક્રમનુ સંચાલન અખિલભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું.

### પ્રભારી મંત્રી અને ઉર્જા રાજયમંત્રીના હસ્તે

# નાની કુંકાવાવ અને સનાળા મુકામે 'સૌની યોજના' લિંક-૪ હેઠળ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

## ૨૦૦ હેકટર ખેતીલાયક જમીન વિસ્તાર લાભાન્વિત થશે





અમરેલી, તા. ૬

'સૌની યોજના' હેઠળ ગુજરાતની જીવાદોરી નર્મદા નદીનું પાણી પાઈપલાઈન મારફત સૌરાષ્ટ્રના ડેમ અને તળાવો સુધી પહોંચાડવામાં આવી રહ્યુ છે.

આ પ્રોજેક્ટ હેઠળ અંદાજે ૧,૧૨૬ કિ.મી. લાંબી પાઈપલાઈન નેટવર્કનો સમાવેશ થાય છે, સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર કચ્છ માટે 'સૌની યોજના' થકી ગ્રામ્ય સાથે શહેરી વિસ્તારોની કાયાપલટ થઈ છે, સૌરાષ્ટ્ર હરિયાળું અને સમૃદ્ધ બન્યું છે.

આજરોજ નાની કુંકાવાવ અને સનાળા મુકામે 'સૌની યોજના' લિંક-૪ હેઠળ સ્કાવર વાલ્વ વીથ પાઈપલાઈન, એર વાલ્વ ચેમ્બર બાંધકામ, એનર્જી ડિસીપેશન સ્ટ્રક્ચર નિર્માણ કામગીરીનું જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી, જીતુભાઈ વાઘાણી અને ઊર્જા રાજયમંત્રી, કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, અંદાજે રૂ. ૧.૮૭ કરોડના ખર્ચે નર્મદાના નીર છે'ક સનાળા ગ્રામ્ય વિસ્તારના હયાત તળાવ સુધી પહોંચાડવાની નેમ છે. આ કામગીરી પૂર્ણ થતાં કુલ ૨૦૦ હેકટર ખેતીલાયક જમીન વિસ્તાર લાભાન્વિત થશે, ખેડૂતોની સ્કાવર વાલ્વની વર્ષો જૂની માંગણી સંતોષાશે.

જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી, જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સૌની યોજના થકી સૌરાષ્ટ્રની પાણીની સમસ્યાનો કાયમી અંત આવ્યો. નર્મદાના પાણી છેક સૌરાષ્ટ્ર – કચ્છ સુધી પહોંચાડવાની નેમ સાકાર થઈ છે. મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, એક સમય હતો કે, નર્મદા સ્નાન માટે નદીના ઘાટ સુધી જવું પડતું, હવે નર્મદાના નીર 'ઘર ઘર' સુધી પહોંચ્યા છે. વડાપ્રધાન, નરેન્દ્રભાઈ મોદીનું વિઝન ખરાં અર્થમાં ધરા પર સાકાર પામ્યું છે.

ઊર્જા રાજયમંત્રી, કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, ભૂતકાળમાં પાણીની સમસ્યાના કારણે ખેતીપાકને પૂરતું પાણી મળતું નહોતું. જેના કારણે ખેડૂતોને ખેતીપાક નુકશાનીનો સામનો કરવો પડતો હતો. રાજય સરકારની મદદ થકી નર્મદામૈયાના નીરથી આપણાં ગામડાના તળાવો છલોછલ છલકાશે, ખેતીવાડીને વિશેષ લાભ થશે.

નાની કુંકાવાવ અને સનાળા મુકામે 'સૌની યોજના' લિંક-૪ હેઠળ સ્કાવર વાલ્વ વીથ પાઈપલાઈન સહિતના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત પદાધિકારીઓ, તાલુકા પંચાયત પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, સંબંધિત વિભાગના અધિકારીઓ, સરપંચઓ, સ્થાનિક આગેવાનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આંખ આંજી નાખે તેવી લાઈટ, બેફામ હોર્ન, ગતિમર્યાદા જેવુ કશું નહી જેવી અનેક સમસ્યા

# શહેરી વિસ્તારથી લઈને હાઈવે ઉપર ટ્રાફિક સેન્સનો અભાવ

**માલવાહક રીક્ષા, ટેમ્પો અને ટ્રકમાં ઘેટા-બકરાની જેમ થતી મુસાફરોની હેરફેર**

**દેશમાં દર વર્ષે દોઢ લાખ જેટલા મોત વાહન અકસ્માત પાછળ થતાં હોવા છતાં આકરી કાર્યવાહી થતી નથી**

**રોંગ સાઈડમાં વાહન ચલાવવુ, રોડ ક્રોસ કરવા માટે કોઈ પણ પ્રકારની જાગૃતિ જોવા મળતી નથી**

**આરટીઓ અને પોલીસ વિભાગને ગંભીર પ્રશ્ને આળશ ખંખેરવી જરૂરી બની છે**

પ્રતિકાત્મક તસ્વીર






અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાનાં શહેરી વિસ્તારોથી લઈને હાઈવે ઉપર આંખ આંજી નાખે તેવી વ્હાઈટ લાઈટ, કાનના પરદાને નુકસાન કરે તેવા વાગતા હોર્ન, ઘેટા-બકરાની જેમ માલવાહક વાહનોમાં થતી મુસાફરોની હેરફેર, બેફામ ગતિ, રોડ ક્રોસ કરવો કે વળાંક લેવામાં જનજાગૃતિનો અભાવ હોવાથી જિલ્લામાં અવારનવાર વાહન અકસ્માતોથી ઘટનામાં માનવ મૃત્યુનાં બનાવો બની રહ્યા છે.

અમરેલી, સાવરકુંડલા, રાજુલા સહિતનાં શહેરી વિસ્તારોમાં ટ્રાફિક પોલીસની નિષ્ક્રીયતા ઉડીને આંખે વળગી રહી છે. શહેરમાં મનફાવે ત્યાં વાહન પાર્ક કરો, માલવાહક રિક્ષામાં મુસાફરોની હેરફેર, આંખ આંજી દે તેવી લાઈટ, કાનનાં પરદાને નુકસાન કરે તેવા હોર્ન, આડેધડ થતાં રોડક્રોસ, રોંગ સાઈડમાં વાહન ચલાવવા જેવી અનેક ઘટના રોજિંદી બની રહી છે.

શહેરી અને હાઈવે વિસ્તારમાં અવારનવાર વાહનચાલકો વચ્ચે માથાકૂટ પણ થતી હોય છે અને કયારેક મામલો મારામારી સુધી પણ પહોંચી જતો હોય છે. એક તરફ ટ્રાફિક અંગે જનજાગૃતિનો અભાવ તો બીજી તરફ ટ્રાફિકનાં નિયમોનો ભંગ કરનાર સામે તંત્ર લાજ કાઢીને બેઠું હોવાથી અવારનવાર અકસ્માતમાં મોતની ઘટના બની રહી છે.

ઉચ્ચ અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાં બેસીને ટ્રાફિક અંગે ચર્ચા કરીને માત્ર ઔપચારિકતા પૂર્ણ કરતાં જોવા મળી રહ્યા છે. જનપ્રતિનિધિઓ પણ આ ગંભીર પ્રશ્ને ઉદાસીન જોવા મળી રહ્યા હોય રાજયનાં મુખ્યમંત્રીએ ટ્રાફિક પ્રશ્ને સમગ્ર રાજયમાં વ્યાપક પ્રમાણમાં અભિયાન કરવાનો આદેશ આપવો જરૂરી બન્યો છે.

## વલ્લભકુળનાં દિવ્ય સાંનિધ્યમાં

# સાવરકુંડલા ખાતે આવતીકાલે 'હોલી ધમાર રસિયા'નો મનોરથ

### લોહાણા બોર્ડિંગનાં પ્રાંગણમાં મનોરથનો પ્રારંભ

ચલાલા, તા. ૬

કહેવાય છે કે જયારે ભકતના હૃદયમાં ગોપીભાવ જાગે અને સામે સાક્ષાત વલ્લભકુળ બિરાજમાન હોય, ત્યારે ધરતી પર જ વૈકુંઠ ઉતરી આવે છે. આવી જ એક અલૌકિક અનુભૂતિ આગામી રવિવારે સાવરકુંડલાની પવિત્ર ધરા પર સાકાર થવા જઈ રહી છે. સાવરકુંડલાના પૃષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિવાર દ્વારા આયોજિત 'હોળી ધમાર રસિયા'ના મંગલ ગાન સાથે આખું શહેર ભકિતના અબીલ-ગુલાલથી રંગાઈ જશે.

શ્રી નિકુંજ નાયક શ્રીજીબાવાની અસીમ કૃપાથી અને વલ્લભકુળ ભૂષણ પૂજય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી પ્રભુજી મહોદયશ્રી તથા પૂજય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી રાસેર બાવાશ્રીના દિવ્ય સાંનિધ્યમાં આ ભવ્ય મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે કીર્તનકારોના સુમધુર કંઠે 'હોરીઆઈ રે મોહન પર રંગ ડારો...' જેવા પદ ગુંજશે, ત્યારે શ્રોતાઓ ભકિતના અગાધ સાગરમાં ડૂબકી લગાવશે. આ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ઠાકોરજી પ્રત્યેના અનન્ય પ્રેમ અને સમર્પણની અભિવ્યકિત છે, જેમાં ભકિત, પ્રેમ અને રંગોત્સવનો અદભુત ત્રિવેણી સંગમ રચાશે.

રંગપંચમીના પવિત્ર દિવસે, આગામી ૮ માર્ચના રોજ સાંજે ૫:૦૦ કલાકે લોહાણા બોર્ડિંગના પ્રાંગણમાં આ ભકિતમય મનોરથ પ્રારંભ થશે. વલ્લભીય વૈષ્ણવો માટે આ એક એવી અમૂલ્ય તક છે જયાં તેઓ પોતાના આરાધ્ય દેવના ગુણગાન ગાઈને ધન્યતા અનુભવી શકશે. મનોરથી પરિવાર દ્વારા અત્યંત જહેમત ઉઠાવીને આયોજિત આ પ્રસંગમાં ભકિતરસમાં લીન થવા માટે તમામ ભાવિકોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ભકિતના આ દિવ્ય મહોત્સવની પૂર્ણાહુતિ બાદ, મનોરથી પરિવાર દ્વારા પધારેલા તમામ વૈષ્ણવો માટે ઠાકોરજીના લાડ લડાવતા 'કલેવો' (મહાપ્રસાદ) ની અત્યંત ભાવપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ રૂડો અવસર માત્ર સત્સંગ જ નહીં, પણ હરિ-ભકતોના મેળાપ અને પ્રસાદીના પરમ આનંદનો અનોખો સંગમ બની રહેશે. સાવરકુંડલાની આ પવિત્ર ધરા પર ખેલાયેલો આ ભકિતમય રંગોત્સવ આવનારા અનેક વર્ષો સુધી વૈષ્ણવોના અંતરંગમાં એક સુવર્ણ સંભારણું બનીને અંકિત રહેશે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ४०૯૩४

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકુંડા
Mo. 93770 03636

ભારતમાં સૌથી સારો મેડીક્લેઈમ
મેડીક્લેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦









WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45

















# મારે હવે ભારત પાછા આવવું છે. અહિં ચિતને ચેન પડતું નથી

## પગદંડી/લેખન

– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

પરદેશનું આકર્ષણ અપાર હોય છે ને મોટે ભાગે આંધળું અનુકરણ જ હોય છે. આકર્ષણ અને અનુકરણમાં ખાસ્સો ફરક છે આકર્ષણ સ્વનું હોય છે ને અનુકરણ પરનું હોય છે જે હોય ને પણ પરદેશનું આકર્ષણ હોય છે એ નક્કી છે.

પરદેશનો પગાર, એટીકેટ, કામ ધંધો, સુખ સુવિધા એટલાં સુલભ હોય છે કે ગમે તે આકર્ષાય. ખાસ કરીને વડીલો એમાંય સંતાનની માતાનો રોલ મોટો હોય છે. જેમ આજનું આપણું આકર્ષણ શિક્ષણમાં અંગ્રેજી માધ્યમનું છે તેવું અંગ્રેજી માધ્યમમાં છોકરો કે છોકરી ભણ્યાં હોય એટલે વિદેશમાં ટંકશાળ દેખાય છે અને એ ટંકશાળમાં ડોલર છપાવવાનું કામ ભારતનાં સંતાનો, યુવાનો, આંખો, મન બુધ્ધિને તાળા મારી ઉંધેકાંધ પડે છે. વિદેશના આકર્ષણ એક એવો દરિયો છે કે જેમાં ટકવું સ્થાન સ્થપાવું નામ ઓળખ પ્રસ્થાપિત કરવા ઘણાં કઠીન હોય છે. પણ પેલી કહેવત જેવું થાય છે. બાવા બન્યા એટલે હિન્દી બોલ્યા વિના છુટકો નથી હોતો. પરદેશનું આકર્ષણ વ્યસન જેવું હોય છે. પ્રથમ વ્યકિત વ્યસનને અપનાવે છે ને પછી વ્યસન વ્યકિતને વળગી પાયમાલ કરી નાંખી દે છે.



પરદેશ જનારનાં અનુભવો, કામકાજ રહેણીકરણીની વાત સાંભળીએ છીએ. ત્યારે થાય છે કે અહિં ભારતમાં રૂપિયાની કિંમતે વેચાતો હતો ને પરદેશ તોળિયાંને તેરે વેચાય છે. પણ દાઢી પલાળ્યા પછી શું થાય ? પછી પસ્તાવાનો વારો આવે. આવાં અસંખ્ય ભારતમાંથી વિદ્દેશ જનાર બાળકોની, યુવાનોની ચડતીપડતીનાં દાખલ મોજુદ છે.

અત્યારે પ્રર્વતમાન પરિસ્થિતિ વિદેશોની એટલી વણસી ગઈ છે કે ન પુછો વાત. ધન દોલતની વાત પછી પણ જીવના જોખમે, જીવી રહ્યાં છે. કયારે ઉંચાળ ભરવા પડે એ નકકી નથી. જિંદગી પડી કે બંધાઈ ગઈ છે. ખેર જવાદો એ વાત.

વિદેશમાં વસતા ને માંગતા ભારતીઓના જીવનની કરૂણા કેવી છે એનો તાદશ્ય પુરાવારૂપ આપણાં સવાળ ગુજરાતી (વિદેશી હોવા છતાં) ફાધર વાલેસે એક પ્રસંગ કહ્યો છે એ અહિં નોંધવો ઉચિત ગણાશે.

એ પત્ર વાંચીને હું સહેજ વિચારમાં પડી ગયો. સ્મરણ કરવા લાગ્યો કે લખનાર કોણ હશે ?

પોતે પત્રમાં લખ્યું હતું : 'આપને કદાચ હવે યાદ ન હોય, પણ હું...'

હા, એ કોણ હતો એ બરાબર યાદ આવી ગયું, તેથી એ જૂનું સ્મરણ અને આ તાજો પત્ર લઈને મનોમન હું એ સરખાવતો રહ્યો અને વિધિની વિચિત્રતા નિહાળતો રહ્યો.

વર્ષો પહેલાં એક તેજસ્વી વિદ્યાર્થી મારી કોલેજમાં આવેલો. એની પાસેનાં પ્રમાણપત્રો ઉપરથી, અને પછી તરત વર્ગમાં એની સાથેના મારા સીધા અનુભવ ઉપરથી, મને તરત ખ્યાલ આવ્યો કે, ગણિત માટે આ છોકરાની અસાધારણ બુદ્ધિ છે, અને આગળ જઈને એ અગત્યના ક્ષેત્રમાં કંઈક તો કરી શકશે. એટલે હું એના ઉપર વધારે ધ્યાન આપવા લાગ્યો, જેથી એની બુદ્ધિ સ–વિશેષ કેળવાય અને એનામાં છે એ બધી શકિત ખીલી ઊઠે.એક દિવસ મેં એને સીધો પ્રશ્ન પૂછ્યો હતો :

'તમે આ કાલેજ કેમ પસંદ કરી ?'

એણે સીધો જવાબ આપેલો : 'મારે અમેરિકા જવું છે એટલા માટે.'

મને વાત ન ગમી, પણ એની નિખાલસતા તો જરૂર ગમી.

એ વખતે અમારી કાલેજ અમેરિકાનું પ્રવેશદ્વાર ગણાતી એ હકીક્ પણ સાચી હતી. સાઢં અંગ્રેજી શીખવા મળે, પ્રમાણપત્રો મળે, સંસ્થાના નામ માટે પરદેશમાં સારૂં માન હતું, એટલે ત્યાં જવાનું પગથિયું સમજીને અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ અમારે ત્યાં આવતા અને 'બુદ્ધિની નિકાસ'માં સારો એવો ફાળો આપતા.૨૦૨૫એ વિદ્યાર્થી કાલેજમાં સાઢં ભણ્યો, સારી ડિગ્રી લઈને તૈયાર થયો અને આગળ જવા માટે એ ઉત્સુક હતો.

મેં એને કહ્યું : 'જુઓ, આ કોલેજ માટે તમને માન અને મમતા છે. ગણિત તમે બરાબર પચાવી લીધું છે, ને હમણાં એક ગણિતના અધ્યાપકની જરૂર છે, માટે તમે હા પાડો તો તમારી નિમણૂક થાય અને સંશોધનને ને શિક્ષણ ક્ષેત્રે તમે ઉત્તમ કાર્ય કરી શકો.'

પણ એની મીટ બીજી ક્ષિતિજો ઉપર મંડાયેલી હતી.

એ ગયો, વધારે ભણ્યો અને અમેરિકામાં સારૂં માન મેળવીને ત્યાં જ પ્રાધ્યાપક અને સંશોધક તરીકે સ્થિર થયો. પછી વર્ષો સુધી કશો જ સંપર્ક નહીં. ને અત્યારે આ પત્ર અને એનો બીજો સૂર.

એ એક ગુજરાતી છોકરીની સાથે પરણ્યો હતો. દીકરાઓ પણ હતા. પુષ્કળ પૈસો પાસે હતો. ત્યાંનું નાગરિકત્વ પણ મળ્યું હતું પણ સંતોષ નહોતો.

આટલાં વર્ષ પછી, રહી રહીને, એણે એ પત્ર જે હેતુસર લખ્યો હતો એનો મુખ્ય મુદ્દો હતો : 'મારે હવે ભારત પાછા આવવું છે. અહીંયાં ચિત્તને ચેન પડતું નથી, જીવને જંપ વળતો નથી. મારો એક દીકરો કફી પદાર્થોના વ્યસનમાં પડ્યો છે અને બીજાને માટેય બીજી ચિંતા છે. મારી પત્નીએ હૃદય કઠણ કરીને આટલાં વર્ષો ખેંચ્યાં છે, પણ હવે એનાથી જીરવાતું નથી. અને સૌથી વધારે તો હું મૂંઝાઉં છું. મને અહીંયાં બિલકુલ ગમતું નથી. જેમ બને તેમ જલદી પાછા આવવું છે. મારે ફકત નોકરીની જરૂર છે, માટે તમારી કાલેજમાં ગણિતના પ્રાધ્યાપક માટે જગ્યા હોય તો મને જરૂર જણાવશો. હું તરત ને તરત પાછો આવી જઈશ.'

એને ખબર નહોતી કે આ વર્ષો દરમિયાન સરકારના ને યુનિવર્સિટીના નિયમો બદલાઈ ગયા હતા. પહેલાં અમે ગમે તે યોગ્ય શિક્ષકને લઈ શકતા તેવું હવે રહ્યું નથી. અને જગ્યા હોય તોય અમુક નિયંત્રણોની વચ્ચે અમુક યાદીમાંથી અમુક વ્યકિતને જ લઈ શકાય. એટલે કે હાલ કોઈ શક્યતા નહોતી અને એની હકીકત મારે એને જણાવવી પડી.

આટલો વ્યવહાર થયો. બીજો કોઈ પત્ર આવ્યો નહીં. એ પોતે તો આવ્યો જ નહીં. ને હું જીવનની કરૂણતાનાં દર્શન કરતો રહ્યો. મેં એને આમંત્રણ આપ્યું ત્યારે એણે ના પાડી. અને એણે અરજી કરી ત્યારે મારે ના પાડવી પડી. આટલાં વર્ષનો ગાળો જો કોઈ કાળયંત્રથી ભૂંસાઈ શકત તો ? પણ જે થયું તે થયું, અને જે થશે તે થશે. આ સત્ય હકીકત હવે ફેરવાશે નહીં.

# બાલ એક્સપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ

## જુદી જાતની અહિંસા

– બળવંતસિંહ – તનસુખ ભટ્ટ

ગાંધી–ગંગા
(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

પોતાનાં ખેતરોમાં પડતાં વાંદરાંને આસપાસનાં ગામડાંના ખેડૂતો ગોફણ વડે નસાડતા. ગોફણના ગોળાનો માર ખાઈને હાડકાં ભંગાવવાં, તેના કરતાં ગાંધીજીના અહિંસક આશ્રમનાં ખેતરો શા ખોટાં ? ત્યાં આવી મારપીટનું નામ કોઈ લે નહીં. આથી વાંદરાંનાં ટોળાં આશ્રમની ખેતીની ઊપજનો આસ્વાદ લેવા લાગ્યાં. આશ્રમમાં મૂળા, મોગરી, ટમેટાં, પપૈયાં, નારંગી વગેરે પાકતાં હતાં. આ કંદમૂળનો તથા ફળોનો આહાર વાંદરાંઓને ભાવી ગયો. પરિણામે આશ્રમની ખેતીને ઠીક ઠીક નુકસાન થવા લાગ્યું. ગાંધીજી પાસે ફરિયાદ ગઈ. ગાંધીજી અતિ વ્યવહારૂ હતા. ખેતી કરવી, વાડી ઉછેરવી અને પછી વાંદરાંને કૃષ્ણાર્પણ (અથવા રામાર્પણ કે હનુમાનાર્પણ) કરી દેવી એ કામ મૂર્ખાઈનું છે. આથી તેમણે, આ અહિંસક મહાત્માએ, પંચમહાલમાંથી તીરકામઠાંવાળા ભીલો બોલાવી ચોકીદાર રાખ્યા અને મહાત્મા મોહનદાસે શાખામૃગોને શરો વડે વીંધવાની છૂટ આપી. ગાંધીજીની અહિંસા આપણી જીવદયાની અહિંસાથી જુદી જાતની હતી.

## આપણી આસપાસ રહેતો નોળિયો

નોળિયો વન્ય સૃષ્ટિનું વિચિત્ર પ્રાણી છે. ખાસ તો નોળિયો સાપની લડાઈ જેણે જોઈ હશે તેને ખ્યાલ હશે કે તેમની આ તે કેવી દુશ્મની હશે કે જીવ સટોસટનાં ખેલ જોવા મળે અને તેમાં હંમેશાં નોળિયો જ જીતે છે! જી હા તે ખૂબ લુચ્ચું પ્રાણી છે, તેનાં તીક્ષ્ણ દાંતથી સાપની ફેણને જ તોડી નાખે છે, આથી સાપ મોતને ભેટે છે. એક એવું લોજીક છે, કે સાપ નોળિયાનાં બચ્ચાને ખાય જાય છે જેથી નોળિયો સાપ સાથે લડાઈ કરે છે, નોળિયો આમ તો માંસાહારી પ્રાણી છે. અંદાજે ત્રણ ફૂટ જેટલું લાંબુ ને લંબગોળ જેવું હોય તેની ઝીણી આંખોને ખાસ તે બે પગે ઊભું રહી દૂર સુધી જોઈ શકે અને ઝડપ ઓછી હોવાથી દોડવું કઠિન લાગે એટલે સુરક્ષિત જગ્યાએ ભોણ કરી તેમાં રહે છે. દેખાવે સોનેરી નોળિયો વન્ય સૃષ્ટિ માટે મહત્ત્વનું પ્રાણી છે.સાપને મારનાર તરીકે મશહૂર હોવા છતાં



અન્ય પ્રાણીઓની જેમ સાપના ઝેરની અસર નોળિયા પર પણ થાય છે અને નોળિયો ઝેરથી બચવા કોઈ વિષપ્રતિકારક દ્રવ્યનું પ્રાસન પણ કરતો નથી. સાપની ગતિક્રિયાનું ચોક્કસ નિરીક્ષણ કરવાની સૂઝ નોળિયામાં હોય છે. તે પોતાના પગને ચપળતાપૂર્વક હલાવી સાપ ઉપર હુમલો કરે છે અને ઘણી વાર એક જ પ્રહારમાં સાપને મારી નાંખે છે. જોકે કોઈ વાર અનુભવના અભાવે નોળિયાનાં નાનાં બચ્ચાં સાપના ઝેરથી મરી જતાં હોય છે. શિકાર કરેલ સાપનું માથું (વિષગ્રંથિસહિત) નોળિયાનો મનગમતો ખોરાક હોય છે. નોળિયો સાપના વિષનું ગ્રહણ મોં વાટે કરી શકે છે. નોળિયાના ખોરાકમાં ઉંદર, જાતજાતનાં નાનાં પક્ષી અને સસ્તનોનો સમાવેશ થાય છે. ભારતમાં વસતો સામાન્ય નોળિયો ખુલ્લાં મેદાનો, ઝાડીપ્રદેશ, પથ્થરથી છવાયેલા ડુંગરો અને શુષ્ક રણ જેવા પ્રદેશોમાં જોવા મળે છે. પથ્થર વચ્ચે આવેલી ફાંટ, વૃક્ષોનાં પોલાણો, જમીનમાં પોતે બનાવેલ દર જેવાં સ્થાનોએ તે રહે છે. નોળિયો કદમાં લાંબો હોય છે. તેના શરીરની લંબાઈ ૯૦ સેમી. અને પૂંછડીની ૫૦ સેમી. જેટલી હોઈ શકે છે. તેની ઢવાંટી પીળચટ્ટી, સ્થૂળ અને કડક હોય છે.

## રૂપાળું પક્ષી દુધરાજ

દૂધરાજ ભારતનું શોભારૂપ, પરી જેવું સુંદર પક્ષી



છે. તેને શાહબુલબુલ, હુસેની બુલબુલ, માદાને સુલતાના બુલબુલ એવા વિવિધ નામથી ઓળખવામાં આવે છે. તેની તલવાર જેવી લાંબી પૂંછડીને કારણે ગુજરાતમાં તેને તરવરિયો અને તેજિયો ગોવાળ કહે છે દૂધરાજ પક્ષી નાચણ પંખીના કુળનું પંખી છે. અને દેખાવે બુલબુલ જેવા છે, પણ તે બુલબુલની જાતિનું નથી. તેનો રંગ સાવ જુદો જ હોય છે. નર પંખી લગભગ ૨૨ સે.મી. જેટલું લાંબુ હોય છે. તેના માથું, કલગી અને ડોક



ચળકતા વાદળી રંગની ઝાંયવાળી કાળા રંગની અને બાકીનો ભાગ સફેદ રંગનો હોય છે. તેની પીઠ, પાંખો અને પૂંછડીના સફેદ રંગમાં ઝાંખી કાળી રેખાઓ હોય છે. પૂંછડીમાં ચડતા ઉતરતા પીંછા હોય છે. તે ઉપરાંત બે–ત્રણ પીછાં લંબાઈને પૂંછડી રૂપે પાછળ લાગતાં ફરફરે છે. માથાની કલગી લાંબી અને અણીદાર હોય છે.

આમ, નર પક્ષી ખૂબ જ રૂપાળો લાગે છે. જાણે કોઈ ખંતીલા ચિત્રકારે ખૂબ જ મહેનતથી પોતાની પીંછીનું કસબ બતાવ્યું હોય તેવું.

માદાને લાંબી પૂંછડી નથી હોતી. અને પાંખો નારંગી રંગની હોય છે. જે ખૂબ જ સુંદર દેખાય છે. માથે આસમાની અને નારંગી વચ્ચે વાદળી રંગનો કાળો કાંઠલો હોય છે. જે ધીમે ધીમે પછી સફેદ થઈ જાય છે. માદા પંખી પણ કલગી ધરાવે છે.

## માર્ગ વાહન વ્યવહારના નિયમો

નવી પેઢી – નવો સંકલ્પ
સલામત માર્ગ

વિદ્યાર્થી : સાહેબ, અમને વાહન પાર્કિંગ વિશે થોડી માહિતી આપશો ?શિક્ષક : જરૂર વાહનચાલકે પોતાનું વાહન એવી રીતે પાર્ક કરવું જોઈએ કે જેનાથી કોઈ જોખમ ઊભું નામ થાય અન્ય વાહનચાલકો કે પદયાત્રીઓને અડચણ ઊભી ના કરે અને વાહન–વ્યવહારને અવરોધ રૂપ ના બને. તેમણે પોતાનાં વાહન પાર્કિંગની નિશાની દર્શાવતા સ્થળોએ જ પાર્ક કરવાં જોઈએ અને નીચે જણાવેલી જગ્યાઓએ તેમણે પોતાનાં વાહનો ઊભાં રાખવાં જોઈએ નહિ : ૧. ચાર રસ્તાની નજીક, વળાંક ઉપર, ટેકરી કે ખૂબ ઉપર વળેલા પુલ પર, ૨ ફૂટપાથ પર, ૩ ટ્રાફિક લાઈટ કે પદયાત્રીઓના માર્ગ પર, ૪ મુખ્ય માર્ગો પર, ૫ એક પાર્ક કરેલા વાહનની સામે અથવા બીજા પાર્ક કરેલા વાહનને નડે તે રીતે, ૬ પાર્ક કરેલા બીજા વાહનની અડોઅડ, ૭ એવી જગ્યાઓ કે રસ્તાઓ પર કે જયાં સળંગ કે તૂટક સફેદ લીટી દોરેલી હોય, ૮ બસ સ્ટોપ, શાળા, હોસ્પિટલ કે ફાયર સ્ટેશનના દરવાજા પાસે, ૯ રોડની ખોટી બાજુએ, ૧૦ જયાં પાર્કિંગ નિષેધ દર્શાવાયો હોય, ૧૧ ફૂટપાથની કિનારીથી દૂર.વિદ્યાર્થી : સાહેબ, ઘણાં વાહનોમાં ખૂબ ઊંચા અને બાજુમાં પણ બહાર નીકળે તે રીતે માલ ભરેલો હોય છે. શું આ સારૂ કહેવાય ?શિક્ષક : બિલકુલ નહિ. વાહનના આકાર કરતાં ખૂબ ઊંચે અને બાજુમાંથી બહાર નીકળે તે રીતે માલ ભરવાથી આગળ –પાછળના વાહનચાલકોની દષ્ટિમાં અવરોધ પેદા થાય છે. આવા સંજોગોમાં અકસ્માત થવાનો પૂરેપૂરો ભય રહે છે.

## કદી જીવ બાળશો નહીં

માનસિક શાંતિનાં સચોટ ઉપાયો
લેખક શ્રી સેન.આનંદનારાયનન્

માનવ – જીવનનો ગાળો એટલો બધો ટૂંકો છે કે આવી નજીવી બાબતો પર સમય, શકિત અને જીવન વેડફી નાખવાનું માનવને પરવડે જ નહિ. નજીવી બાબત પર જીવ બાળવાની ટેવ ખુબ હાનિકર્તા છે. માટે આ ટેવમાંથી ઝટ મુકત થઈ જાઓ. જે કામમાં તમને રસ પડતો હોય તે કામમાં હંમેશાં પરોવાયેલા જ રહો. જીવ બાળવાની કુટેવમાંથી મુકત થવાનો આ જ એક ઉત્તમ ઉપાય છે.જો તમને રસ પડે એવી નોકરી, ધંધો કે તમારા મનગમતા શોખમાં તમે સતત પરોવાયેલા રહેશો, તો તમે માનસિક શાંતિ સહેલાઈથી પ્રાપ્ત કરી શકશો. તમને પછી, એક સિધ્ધિ મેળવ્યાનો ખ્યાલ પણ આવશે. કહેવત યાદ કરો –

**"માણસ માત્ર રોટલા પર જ જીવતો નથી."** તેથી જો તમે પૈસા કરતાં માનસિક શાંતિની કિંમત વધુ આંકતા હો અને તમને પરવડે એમ હોય તો, તમારે તમને રસ પડે એવી જ નોકરી ધંધો પસંદ કરવો. પછી ભલે તમને તેમાં તમારા નાપસંદ ધંધો કે નોકરી કરતાં, પૈસા ઓછા મળતા હોય. જેમાં પૈસા ભલે વધારે મળતા હોય, પણ મન સતત તંગ અને અસ્વસ્થ રહે એવો ધંધો કે નોકરી કદી પસંદ કરવાં નહિ. જીવનમાં શાંતિની જેટલી કિંમત છે એટલી પૈસાની નથી.

## ક્રાંતિકારી વિચારસરણીવાળા પિતા

શ્રી અરવિંદ જીવનધારા
ગુજરાત સાહિત્ય અકાદમી
લેખકશ્રી : જયોતિબહેન થાનકી

આજથી લગભગ ૧૬૦ વર્ષ પહેલાંની આ વાત છે. કોલકાતાના કોન્નગરના રહીશ ડો. કૃષ્ણધન ઘોષ ત્રણ વરસ ઈંગ્લન્ડમાં એબર્ડીન યુનિવર્સિટીમાં અભ્યાસ કરી તબીબી ક્ષેત્રની ઉચ્ચ પદવી મેળવી પાછા ફર્યા હતા. ઈંગ્લન્ડના વસવાટે તેમને પૂરેપૂરા યુરોપિયન બનાવી દીધા હતા. તેમનો પહેરવેશ તો યુરોપિયન ઢબનો જ હતો. પણ રહેણીકરણી, આચારવિચાર બધું જ યુરોપિયન બની ગયું હતું. હિંદુ સંસ્કારો અને હિંદુ ધર્મમાં એમને બિલકુલ શ્રદ્ધા ન હતી; પરંતુ તેમનું હૃદય ખૂબ કોમળ હતું અને માનવતાથીભરેલું હતું. બીજાનાં દુઃખ જોઈને તેઓ દ્રવી જતા અને પોતાનાથી શક્ય એટલી તુરત જ સહાય કરી દેતા. હવે તેઓ વિદેશથી કોલકાતા પાછા આવ્યા ત્યારે તેમનાં કુટુંબીજનોએ કહ્યું : "તમે વિલાયત જઈ આવ્યા છો, તમારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે. પ્રાયશ્ચિત્ત કરો પછી જ અમે તમારી સાથે સંબંધ રાખીશું. આ પ્રાયશ્ચિત્ત એટલે મસ્તક મૂંડાવીને ગોમૂત્ર અને છાણથી સ્નાન કરી યજ્ઞ કરવાનો ને બ્રાહ્મણોને દક્ષિણા આપવાની." એક તો ડો. કૃષ્ણધનને હિંદુ રિવાજો પ્રત્યે નફરત હતી અને એમાં આવી આ પ્રાયશ્ચિત્તની વાત ! એમનો તો રોષ ભભૂકી ઊઠ્યો : "હું વિલાયત ભણવા ગયો હતો. મેં કંઈ પાપ કર્યું નથી કે મારે પ્રાયશ્ચિત્ત કરવું પડે. તમારે સંબંધ ન રાખવો હોય તો ન રાખતા. પણ હું કંઈ પ્રાયશ્ચિત્ત કરવાનો નથી." તેઓ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. પણ પછી સગાંસંબંધીઓ સાથે એમણે જ વ્યવહાર રાખ્યો નહીં. બાપદાદાનું મકાન સસ્તી કિંમતે કોઈ બ્રાહ્મણને એમણે વેચી દીધું. પછી તેઓ કદી ત્યાં ગયા જ નહીં. ભલે તેમને હિંદુ ધર્મમાં બિલકુલ શ્રદ્ધા ન હતી, પણ પોતાની માતાના મૃત્યુ પછી માતાની ઈચ્છાનુસાર તેમણે માતાનું શ્રાદ્ધ પણ કર્યું હતું અને કાશી વિનાથના મંદિરમાં એક હજાર રૂપિયા પણ આપ્યા હતા.



બાલમિત્રો,

કેવાં ખુશ દેખાવ છો ? ચાર દિવસ પહેલા હોળી અને ધુળેટીનો તહેવાર હતો. ખરૂ ને ? ખુશીનો, આનંદનો, ઉલ્લાસનો, રંગોનો દિવસ હતો. નાના – મોટા સૌ મન મુકીને રંગોએ રમ્યા ને આનંદ મેળવ્યો, હવે તો ખાસ કરીને મોટા મોટા જગત મંદિરોમાં પણ ધૂળેટી ઉજવાય છે. એટલું જ નહિ ભારતનાં દરેક પ્રાંતમાં જુદી જુદી રીતે હોળી, ધૂળેટી ઉજવાય છે. જેની વિગતો તમે છાપાઓમાં વાંચતા હશો.



૩૦–૪૦ વર્ષ પહેલાંની ધુળેટી અને આજની ચોખલિયા ધૂળેટી બની ગઈ છે. કોઈને રંગનો છાંટો ઉડવો ને જોઈએ પોલીસને પણ જાહેરનામું બહાર પાડવું પડે છે. શું આવી છે. આપણી ધુળેટી ? ધુળેટીમાં તો માત્ર આનંદ વહેંચવાનો જ હોય છે. કશું લઈ લેવાનું નથી હોતું.

ધર્મ અને ભકિતનો વિજય વિજય છે. દુષ્ટતાનો અંત, વિનાશ એટલે હોળી અને તેના માનમાં ધુળેટી રમાય છે. નિર્દોષ ભાવે રમાતી હોળી જીવતરને રંગીલું બનાવી દે છે. જીવનનાં થાકને ઓગળી જોયો છે. જીવતરના ભેદભાવ, માન–અપમાન ઉચનીતનાં વાડાં ભુલાવી દે છે. હોળી – ધુળેટી.

બાળમિત્રો, તમે ધુળેટી ઉપર નિબંધ લખીને મોકલા જો. છાપીશું સૌની હોળી મુબારક હો...

## સોનબાઈ ને બગલો

બાલ કથાઓ
ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)


એક હતી સોનબાઈ. રૂપ રૂપનો અવતાર. એક વાર સોનબાઈ બહેનપણીઓ સાથે ધૂળ લેવા ગઈ. સોનબાઈ ખોદે ત્યાં સોનું નીકળે ને બીજી છોકરીઓ ખોદે ત્યાં ધૂળ નીકળે. બધી છોકરીઓ સોનબાઈ ઉપર તો ખારે બળવા લાગી. બધી છોકરીઓ પોતપોતાના સૂંડલા માથે ચડાવી સોનબાઈને એકલી મૂકીને ચાલી ગઈ.સોનબાઈ તો એકલી રહી. સૂંડલો ચડાવવા ઘણી મહેનત કરે પણ કેમે કર્યો ચડે જ નહિ ત્યાં તો એક બગલો નીકળ્યો. સોનબાઈ કહે બગલા, બગલા ! આ જરા સૂંડલો ચડાવને !બગલો કહે તું મને પરણ તો તને સૂંડલો ચડાવું.સોનબાઈએ 'હા' પાડી ને બગલે સૂંડલો ચડાવ્યો. સૂંડલો લઈ સોનબાઈ ઘર ભણી ચાલી એટલે બગલો વાંસે વાંસે ચાલ્યો. સોનબાઈએ તો ઘેર આવીને પોતાની માને બધી વાત કહી.મા કહે – હવે ઘરમાંથી કૂયાંય બહાર જઈશ નહિ. જો બહાર જઈશ તો વખતે બગલો ઉપાડી જશે.બહાર ઊભો ઊભો બગલો આ વાત સાંભળી ગયો. એ તો ખૂબ ખિજાયો. એણે બધા બગલાને બોલાવ્યા ને કહ્યું નદીનું પાણી પી જાઓ. ત્યાં તો બધા બગલા પાણી પીવા માંડ્યા તો ઘડીકમાં નદી સાવ સુકાઈ ગઈ.બીજો દિવસ થયો ત્યારે સોનબાઈનો બાપ ભેંસો લઈને નદીએ પાણી પાવા ગયો. જઈને જુએ તો નદીમાં તો કાંકરા ઊડે ! એણે તો કાંઠે ઊભેલા પેલા બગલાને કહ્યું – જળ મેલો ને આબક બગલા જળ મેલી ને ચાબક બગલા ! ઘોડા ઘોડારમાં તરસ્યા મરે છે, ગાય ગવતરી તરસી મરે છે.બગલો કહે – તમારી દીકરી સોનબાઈને મારી સાથે પરણાવો તો જળ મેલું. બાપે તો હા પાડી એટલે બગલાએ નદીમાં જળ મેલ્યું. નદી પાછી હતી એવી પાણીવાળી થઈ ગઈ.સોનબાઈને તો બગલા સાથે પરણાવી. સોનબાઈને પાંખે બેસાડીને બગલો તો એને ઘેર લાવ્યો. પછી તો સોનબાઈ ને બગલો સાથે રહે. બગલો પોતે દાણા ચણી આવે, સાથે બીજા લેતો આવે તો સોનબાઈને આપે.એમ કરતાં કરતાં સોનબાઈને તો દીકરો અવતર્યો. સોનબાઈ તો રાજીની રેડ થઈ ! એક દિવસ સોનબાઈના બાપે વિચાર કર્યો – ચાલ ને કોકને મોકલું ને ખબર તો કઢાવું કે સોનબાઈને તે સુખ છે કે દુઃખ ?બાપે તો સોનબાઈના ભાઈને મોકલ્યો. સોનબાઈનો ભાઈ તો સોનબાઈ પાસે આવ્યો. ભાઈબહેન મળ્યાં ને ખુશી થયાં ત્યાં તો બગલાને ચણીને આવવાનો વખત થયો.સોનબાઈ કહે – ભાઈ! તું આ ડામચિયામાં સંતાઈ જા. બગલો આવે છે કે તને દેખશે તો મારી નાંખશે.ભાઈ તો ડામચિયામાં સંતાઈ ગયો. સોનબાઈએ બે ગલૂડિયાં પાળ્યાં હતાં. તેમાંથી એક ઘંટી હેઠે પૂર્યું, બીજાને સાવરણી સાથે બાંધી ઘરમાં રાખ્યું અને પોતે બારણાં પાસે જઈને આડી બેઠી. ત્યાં તો બગલો આવ્યો ને કહે – બારણાં ઉઘાડો.સોનબાઈ તો કાંઈ બોલી નહિ, પણ સોનબાઈનો છોકરો બોલ્યો :બાપા, બાપા ! મામલિયો ડામાચિયામાં, નાનું ગલૂડું ઘંટી હેઠ, ને મોટું ગલૂડું સાવરણીએ.બગલો બહારથી કહે સોનબાઈ ! આ છોકરો શું કહે છે ? સોનબાઈએ અંદરથી જ કહ્યું એ તો અમસ્તો લવે છે.ત્યાં તો છોકરો ફરી બોલ્યો – બાપા, બાપા ! મામલિયો ડામાચિયામાં, નાનું ગલૂડું ઘંટી હેઠ, ને મોટું ગલૂડું સાવરણીએ.બગલો કહે બારણાં ઉઘાડો. પણ સોનબાઈએ બારણું ઉઘાડ્યું નહિ. બગલો તો પાછો ચણવા ચાલ્યો ગયો. પછી ડામચિયામાંથી મામો નીકળ્યો ને એની સાથે સોનબાઈ દીકરાને લઈને પોતાને પિયર ચાલી ગઈ. પાછળથી બગલો આવીને જુએ તો કોઈ ન મળે.

## હસવાની મનાઈ છે

શિક્ષકઃ રામુ, તું મોટો થઈને શું બનીશ ?
રામુ : હું ન્યાયાધીશ બનીશ.
શિક્ષક : મોહન, તું ?
મોહનઃ હું તમારી જેમ શિક્ષક બનીશ.
શિક્ષક : પીંકી, તું કહે શું બનીશ ? પીંકી : હું તો મો....ટી થઈને ડોશી બનીશ ડોશી.

મુન્નો તેના પપ્પા સાથે રાતની ટ્રેનમાં મુંબઈ જતો હતો. બારી બહાર ઉપર નજર કરી બોલતો હતો : "શાબાશ ! હજુ દોડ...." ઝડપથી..! પપ્પાએ બહાર જોયું તો કશું ન દેખાયું. બોલ્યા : " મુન્ના, તું કોને શાબાશી આપી રહ્યો છે ?"
મુન્નો : જુઓને પપ્પા, ચાંદામામા અને ગાડી વચ્ચે કેવી રેસ જામી છે ! ઉપર !





જય : મારા પપ્પા તો એવો ઠેકડો મારે કે આખું મકાન ટપી જાય ! વિજયઃ મારા પપ્પા એવા તો નહિ પણ કૂદકો મારીને બગીચો ટપી જાય ! સંજય : મારા પપ્પા એવો કૂદકો મારે કે સીધા હોસ્પિટલે પહોંચી જાય !

એક દિવસ ડોક્ટર પાસે એક દર્દી આવ્યો
શિક્ષક : ખેલ હમારે શારીરિક વિકાસ કે લીઈ લાભદાયક હૈ. નંદુ, તુમ ખેલને સે હોતા લાભ બતાઓ.
નંદુ : જી, ઈતની દેર હમેં પઢના નહીં પડતા।

# ટાબરીયાનું જંગ : જીપગાડીમાં પૂરાયા

**જીપગાડીમાં પૂરાયાં ધરા હસી રહી હતી.**

"દિશા બેટા ! તારે અંકલને કંઈ પૂછવું નથી ?" નાયકે દિશા તરફ જોયું."તમે જીપગાડી લઈને જાઓ. તો કદાચ વહેલા આવી જવાય. અમને જાળ નો ઝોલો ઊંચો ઊંચો બાંધી આપો. લઈ જાઓને ગાડી.... થાક પણ નહિ લાગે. ખરૂં ને, ધરાદીદી ?""અરે વાહ ! ક્યા દિમાગ પાયા હૈ ? ખરેખર ! તમે જીપગાડી લઈને જ જાવ." ધરા વિ બોલી ઊઠ્યાં.નાયક આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેમણે દિશાને વહાલથી ઊંચકી લીધી. બોલ્યા, "દીકરા ! તારી વાત એકદમ સાચી છે. હું બે દિવસથી રસ્તાઓ જોઈ રહ્યો છું. પણ અહીંની ભૂગોળ એવી છે કે આપણે જે રસ્તા પરથી આવ્યાં છીએ, એ રસ્તો અહીં જ પૂરો થાય છે. આનાથી આગળ બધી દિશાઓમાં કોતરો, ખાઈ, ડુંગર આવી ઉબડખાબડ ભોંય જ આવે છે. એટલે કોઈ વાહન દ્વારા આગળ જઈ શકાય એવું છે જનહીં. પણ દીકરી ! તું અંકલ માટે આટલું વિચારે છે એ જબરૂં કહેવાય. આવું જ અન્યને માટે હિતકારી વિચારવાની પ્રભુ તમને સદ્ બુદ્ધિ આપો." વિજયસિંહે બે હાથ જોડ્યાં.વિજયસિંહે થોડી આવશ્યક તૈયારી કરી લીધી. ગમબુટ પહેરી લીધાં. સાંજ સુધીમાં બાળકો માટે ખોરાક પાણી ફળફળાદિ બધું સમજાવી દીધું. ટાબરિયાંઓ ડાહ્યાડમરા થઈ જીપગાડીમાં સલામત થઈ ગયાં. નાયક સૂર્યોદયની દિશામાં આગળ વધ્યા...... ને જંગલમાં ધમાચકડી કરવાનાં મનસૂબાઓ ઘડીને આવેલાં ટાબરિયાંઓ આજે સવારથી જીપગાડીમાં પૂરાઈ ગયાં. સલામતી માટે પોતાને જ કેદમાં પૂરી દેવાની આ વાત વિને જરાય પસંદ ન પડી. પણ અંકલના આદેશનું ઉલ્લંઘન કરવું તેને જચતું નહોતું. હીરોએ પાપાનો આદેશ સાંભળ્યો હોય તેમ ઊંઘી ગયો. ધરા દિશા સ્લેટમાં ગણિત ગમ્મત કરી રહ્યાં હતાં. વિશુએ બારી ખોલીને મનોમન બહાર કૂદકો માર્યો. ધરા દિશાને ચીડવવા હૂપ હૂપ કરવા માંડ્યો.ધરા ચીડાઈ ગઈ, "એય બંદર ! ઝાડ પર જઈને કૂદાકૂદ કર, અહીં ગાડીમાં નહીં.""એય, બિગ સિસ્ટર, તું મને અંકલનાં હુકમનો અનાદર કરવા ઉશ્કેરી રહી છે. ધિસ ઈઝ રોંગ. પણ ઓકે, મારે ચેલેન્જ ઉપાડવી જ પડશે. હું મારા દોસ્તોને અહીં જ બોલાવી લઉં છું." ને બારી પૂરેપૂરી ખોલીનેએ હૂપ હૂપના બરાડા પાડવા લાગ્યો.એટલામાં તીણી કિકિયારીઓ સંભળાઈ. ને ઝાડવાં પરથી ઢગલેઢગલા વાંદરાં ત્યાં ત્રાટક્યાં. વિશુએ ઝડપથી બારીનો કાચ ચડાવી દીધો. તેઓ જીપગાડીને ઘેરી વળી હાથપગ પછાડવા લાગ્યા, હુપાહૂપ કરતાં ગાડી ફરતે ધમાચકડી મચાવી રહ્યાં. દિશા શિયાવિયા થઈ ગઈ.ધરાએ પીઠ પસવારતાં તેને હિંમત આપતાં કહ્યું, – "ડરે છે શા માટે ? ગાડી મજબૂત છે અને આપણે અંદરથી સલામત છીએ."વિશુ કહે, "હેય બેનડી ! આ તો કપિરાજના સેવકો છે. તેઓ ફક્ ગેલ ગમ્મત કરવો આવ્યાં છે. આપણને કંપની થઈ ગઈ."દિશુ હસવા લાગી, " ને એ કપિરાજ તું જ છે."લાંબા સમય સુધી ધમાચકડી મચાવી રહેલાં વાંદરાં એકાએક ચૂપ થઈ ગયાં. ચૂપાચૂપ. ને અચાનક ઠેકડાં મારતાં ભાગ્યાં. જંગલ જાણે ગાજી ઊઠ્યું. ત્રણ ચાર જંગલી ભેંસો પગ પછાડતી, ડરી ગઈ હોય એમ ભાગી રહી હતી. ભાગતાં ભાગતાં એમનાં મોંઢ ામાંથી ફીણનાં ફિસોટા રેલાઈ રહ્યાં હતાં. સાથે સાથે હાઉ હાઉના ડરામણા ઘુરકાટ સંભળાયા. ને બાળકો થોડી ક્ષણો માટે એકાએક હબકી ગયાં. વિશાળકાય જંગલી ભેંસો પાછળ પીછો કરનારાં ખૂંખાર કૂતરાંઓને જોઈને. બાપ રે ! ઝપટમાં આવી જવાય તો જોતજોતામાં ફાડી નાંખે તેવાં લાગતા હતા ! નાયકે તેમને ગાડીમાં પૂરાઈ રહેવા શા માટે કહ્યું હતું એ બાળ કોને સમજાઈ ગયું. જે કદાવર ભેંસને ફાડી ખાવાં દોટ મૂકે એ બાળકોને છોડે ? ખળ ભળાટથી ચમકીને જાગી જનાર હીરોને ભૂખ લાગી હોવાથી પેંપૂડું ચાલું કર્યુ. ધરાએ તેને ફ્રૂટીનું પેકેટ પકડાવી દીધું કે તેનું મોં બંધ.....ને પછી જેમ જેમ બપોર ઢળતી ગઈ તેમ તેમ સેનાં જીવ ઊંચા થતાં ગયાં. "અંકલ ક્યારે આવશે ?" દિશા વારંવાર પૂછવા લાગી. ધરા શું બોલે? ધરાનું મન પણ એ જ પૂછાપૂછ કરતું હતું."પણ હજી અંધારૂં ક્યાં થયું છે ? અંકલ હવે રાત્રે જ આવશે. ચાલતા ચાલતા ગયા છે એટલે મોડું થાય જ. ચલો, ચલો, ચિંતાનું ચવાણું બનાવીને ફાકી મારીએ," વિશુએ સમજદારી દાખવી.પણ અંધારૂં ખરેખર ઊતરી આવ્યું. સૌનાં ચહેરો રડું રડું થઈ રહ્યાં.

હીરો એકાએક બોલ્યો, " પા! પા, પા, પા!"

(જંગલમાં ટાબરિયાંઓનો જંગ)

**(ક્રમશઃ)**

# પરમવીર ચક્ર વિજેતા સંજયકુમાર

હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લામાં આવેલા ગામ કાલોલ બાકીનમાં સંજયકુમારનો જન્મ, બર્થડેટ ત્રીજી માર્ચ, ૧૯૭૬. શરૂઆતમાં જમ્મુ અને કાશ્મીરના સોપોર વિસ્તારમાં આતંકવાદ વિરોધી લશ્કરી કામગીરીમાં સંજયકુમારને પહેલી વખત કેવત દેખાડવાનો મોકો મળ્યો અને એમાં તેમણે લેશમાત્ર પાછીપાની ન કરી.૧૯૯૯ના મે મહિનામાં પાકિસ્તાને કારગિલમાં પોત પ્રકાશ્યું. મેથી જુલાઈ વચ્ચે ભારત અને પાકિસ્તાન વચ્ચે સશસ્ત્ર ઘર્ષણ ચાલતું રહ્યું. આમાં તેરમી જમ્મુ એન્ડ કાશ્મીર રાઈફલ્સ (ટુકડી)ને કપરી જવાબદારી સોંપાઈ હતી. લક્ષ્ય ફ્લેટ ટોપ તરીકે ઓળખાતા પોઈન્ટ ૪૮૭૫ સર કરવાનું. લડાખના દ્રાસમાં મુસ્કોહ વેલીમાં આ પોઈન્ટ ૪૮૭૫ને પાકિસ્તાને પોતીકું કરીને કબજો જમાવી લીધો હતો. ભારતીય ટુકડી માટે એક નહીં, અનેક સમસ્યા હતી એક તો ઉંચાઈ, સીધું ચડાણ, હાડ ગાળી નાખતી ઠંડી, બરફાચ્છાદિત માહોલ અને ઉંચાઈ પર હથિયારો અને ખુન્નસથી સજજ દુશ્મનોની ચાંપતી નજર.મેજર ગુરપ્રીતની આગેવાની હેઠળની તેરમી જમ્મુ એન્ડ કાશ્મીર રાઈફલ્સને ચોથી જુલાઈના રોજ મુસ્કોહ વેલીના શીખર ૪૮૭૫ પોઈન્ટ પર હલ્લો બોલાવાનો હતો, પરંતુ મુશ્કેલી એ હતી કે ઉપર કબજો જમાવી બેઠેલા દુશ્મનો બેફામ ગોળીઓ વરસાવી રહ્યા હતા. આથી નિર્ણય લેવાયો કે એક દિવસ રાહ જોઈએ. બીજા દિવસેય સ્થિતિમાં જરાય ફરક ન પડયો. કમાન્ડરે હવે આગળધપવાનું નક્કી કર્યુ. વધુ વળતા ગોળીબારથી જવાબ મળતા દુશ્મનો શાંત થઈ ગયા. થોડા સમય પૂરતા. આનો લાભ લઈને ભારતીય ટુકડી આગળ ધપવા માંડી.આગળની વાત સંજયકુમારના શબ્દોમાં : "અમારી ટુકડી આગળ વધી રહી હતી પણ હવે અમારા બચાવ માટે પાછળથી કરાતો ગોળીબાર જોખમી બની રહ્યો હતો. કદાચ અમારો જ જીવ લઈ લે. એક ટુકડી આગળ વધતી હતી અને અંદાજે ૧૮ હજારથી ૨૦ હજાર



ફૂટની ઉંચાઈએ પહોંચ્યા હતા. હવે સમસ્યા એ હતી કે પગપાળા ચાલતા રહીએ તો ઉપરથી દુશ્મન વીંધી નાખે. અમે ભાંખોડિયા ભરવા માંડ્યા. ભોં ભર થઈને પેટે સરકવાનું આસાન નહોતું પણ કોઈ છુટકો નહોતો. એક એક ઈંચ આગળ ધપતા હતા. ઉપરથી દુશ્મનોનો ગોળીબાર વધી રહ્યો હતો. અમેય વળતો હુમલો કર્યો અને તેમને વ્યસ્ત રખાયા. હાથમાં ભલે શસ્ત્રો હતા પણ જંગ ધીરજનો હતો, જ્ઞાનતંતુનો હતો. અમારી ટુકડી નિયમિત ખુવારી છતાં મક્કમપણે આગળ વધી રહી હતી. તેમના માણસો પણ મરતા હતા. અમારે દુશ્મનોને ઊંઘતા ઝડપવાના હતા. એકવાર ટોચ પર પહોંચી ગયા પછી તેમની બંદૂકોની બોલતી બંધ કરી શકાય અને એક પછી એકનો ખાત્મો બોલાવી શકાય. અમે ફેંકેલા ગ્રેનેડે દુશ્મન છાવણીમાં હાહાકાર મચાવી દીધો." "એમના એક બંકર પર કબજો જમાવી દીધા બાદ સ્થિતિ કંઈક આસાન બની ગઈ, પરંતુ અમે ઘણાં સાથીઓ ગુમાવી દીધા હતા. બાકી બચેલામાંથી કેટલાક ઘાયલ હતા. નવી વ્યૂહરચના મુજબ બે જણ નવા બંકર ભણી આગળ વધે અને બે જણ પાછળથી તેમને બચાવવા માટે ગોળીબાર કરે. અચાનક એક ગોળી મારા ઘૂંટણમાં વાગી. બીજી પળે વધુ એક ગોળી નિતંબમાં ઘૂસી ગઈ. છેલ્લું બંકર કબજે કર્યુ, ત્યારે અમે માત્ર બે જણ બચ્યા હતા. બધા દુશ્મનોને ખતમ કરી નાખ્યા બાદ અમે લાશની ગણતરી કરી. એક ડઝન. એમના શસ્ત્રો વિખેરાયેલા પડયાં હતાં. આ લોકોએ લાંબા સમયથી ધામા નાખ્યા હોવાનું દર્શાવતી ચીજ સામગ્રીઓ આસપાસ પડી હતી."

સંજયકુમાર કલમના નહીં, પણ શસ્ત્રના નિષ્ણાત છે. સાહિત્યના નહીં, શૌર્યના માણસ છે. વર્ણનમાં પોતે કરેલા જીવ સટોસટના સાહસનો જશ લીધો નથી. હકીકતમાં તો ભેખડની ધાર નજીક પેટથી સરકતા આગળ સરકવું, ૧૫૦ મીટર દૂરથી ધાણીની જેમ ગોળીઓ વરસાવતી મશીનગન સામે પોતાની ઓટોમેટિક ગન લઈને દોડી જવું, બબ્બે ગોળી વાગવા છતાં બંકરમાં ઘૂસી જવું, લોહી નીતરતા શરીરે ત્રણ દુશ્મનને હાથોહાથની ઝપાઝપીમાં પતાવી નાખવા, પછી શત્રુના મશીનગનની દિશા ફેરવી નાખવી. આનાથી સ્તબ્ધ થઈ ગયેલા દુશ્મનો ભાગી છુટવાના ફાંફા અને બધાને પોતાને હાથે વીંધી નાખવા. સંજયકુમારની આ બહાદુરી ભારત માટે મોટી વ્યૂહાત્મક સફળતા લાવી અને પાકિસ્તાની દળોની જમાવટ થતી અટકાવી દીધી. આ શૌર્ય બદલ રાઈફલમેન સંજયકુમારને પરમવીર ચક્ર એનાયત કરાયો. મહત્ત્વની નોંધ એ છે કે અત્યાર સુધી એક જ યુદ્ધમાં બે પરમવીર ચક્ર તેરમી જમ્મુ એન્ડ કાશ્મીર રાઈફલ્સને જ મળ્યા છે. કારગિલ યુદ્ધમાં કેપ્ટન વિક્રમ બત્રા સાથે રાઈફલમેન સંજયકુમારે આ સિદ્ધિ મેળવી હતી.

સંજયકુમારને મળેલા આ પ્રતિષ્ઠિત માન અકરામને લીધે લશ્કરમાં વિચિત્ર સ્થિતિ સર્જાઇ હતી. પરમવીર ચક્ર વિજેતાને બધાએ સલામ કરવી પડે પણ સંજયકુમાર તો એકદમ જુનિયર એટલે રાઈફલમેન હતા. આગળ જતા તેમને નાયબ સુબેદારના પદ પર બઢતી અપાઈ હતી.આપણા માટે માભોમ માટે જીવના જોખમે આ વીરે કરેલું અપ્રતિમ શૌર્ય મહત્ત્વનું છે. સેલ્યુટ સંજયકુમાર.

બાલ એક્સપ્રેસ – પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ, શ્રી દિપક હાઈસ્કુલ, શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી, મો.૯૪૨૮૧ ૫૭૦૯૨

# ચિત્રમાં રંગ પુરો



# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

૧. કથામાં બેસો ત્યારે સંસારથી અલગ થઇ જાઓ.
૨. ક્રોધ કરવાથી પુણ્યનો ક્ષય થાય છે. વકતા–શ્રોતા ક્રોધ ન કરે.
૩. કેવળ જાણેલું કામ આવશે નહીં પણ જીવનમાં ઉતારેલું કામ આવશે.
૪. પૂર્વજન્મના વિચાર ન કરો. આ જન્મ જ સુધારવા પ્રયત્ન કરો.

**સ્કંધ પહેલો**

૫.ઈશ્વર ચિંતન,ધ્યાન મનુષ્ય કરે તો ઈશ્વરની શકિત મનુષ્યમાં આવે છે.
૬. ક્રિયામાં અમંગળપણું કામથી આવે છે.
૭. જેના મનમાં કામ છે એનું સ્મરણ કરશો તો એનો કામ તમારા મનમાં આવશે.
૮. સવારમાં મંગલા ચરણ કરો, મધ્યાહને મંગલાચરણ કરો, અને રાત્રે સૂતાં પહેલાં મંગલા ચરણ કરો.
૯. વારંવાર એક જ સ્વરૂપનું ચિંતન કરો.
૧૦. જયારે ધ્યાન કરતાં મન ચંચલ બને, ત્યારે પરમાત્માના નામનું વારંવાર કીર્તન કરો.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## અનુભવ – શ્રેષ્ઠ શિક્ષક

અનુભવ – સારો કે ખરાબ – મારો કે તારો – આપણને કશુંક શીખવી જાય છે. અનુભવને સૌથી મોટો શિક્ષક એટલે જ કહ્યો છે. બીજાના અનુભવમાંથી પણ આપણે કશુંક શીખી શકીએ છીએ.

ભેંસના શીંગડામાં પોતાનું માથું જાય કે નહીં તેનો 'સફળ' પ્રયોગ કરનાર 'મહાનુભાવ' આપણને આનંદ તો આપે જ છે, સાથોસાથ 'કશુંક' કરવું કે ન કરવું તેનું 'જ્ઞાન' પણ આપી જાય છે.

આગલો ખાય ઠેસ, પાછલો પામે ડહાપણ !

# ભૂતપ્રેતની સૃષ્ટિ

મનોરંજન માટે ભૂતપ્રેતના કથાનક આધારિત ફિલ્મોના પ્રચાર–પ્રસારને હજુ માફ કરી શકીએ પરંતુ ઘરમાં એવી વાતો કરીને બાળકોની હાજરીમાં અંધશ્રધ્ધાને પ્રોત્સાહન આપનારા પુરી જ થઈ નથી. સત્ય અને નિર્ભયતા જેવા ગુણોના અભાવે મનુષ્ય ભુતપ્રેતની માન્યતાઓ શિકાર બને છે. મનમાં રહેલી અંધશ્રધ્ધા અને સન્નાટાભર્યુ વાતાવરણ એની માન્યતમો પુષ્ટિ આપીને મુંઝવણ

જ્ઞાનજયોતિ – શ્રી ગિજુભાઈ ભરાડ

વાલીઓને માફી ન આપી શકાય. પશ્ચિમના દેશોમાં જે જમાનામાં 'ધ ઓમેન' જેવી ફિલ્મો રીલિઝ થઈ ત્યારે એણે દર્શકોમાં ભયનું સામ્રાજય જમાવી દીધું હતું. પશ્ચિમના દેશોએ તો ભૂત માટે એક આખી લાયબ્રેરી ઊભી કરેલી છે. આજે પણ હોલીવુડમાં અને બોલીવુડમાં ભૂતના કથાનક આધારિત ફિલ્મો બનતી રહે છે. માનવ મનની આ એક એવી નબળી કડી છે જેની જિજ્ઞાસા હજુ ઊભી કરે છે ત્યારે માણસના મનમાં ભૂતપ્રેતના અસ્તિત્વ અંગેના તર્ક વિતર્ક શરૂ થઈ જાય છે. આ એટલો સંવેદનશીલ વિષય છે કે હજુ સુધી એના વિશે ધર્મપુરૂષોએ કોઈ અંતિમ વિધાન કર્યુ નથી અને વિજ્ઞાને કોઈ ખાત્રી આપી નથી. બાળઉછેરમાં જો આવી બાબતોની સંભાળ લેવામાં ન આવે તો તેઓ બહુ ઝડપથી અંધશ્રધ્ધાનો શિકાર બને છે અને તેમનો વિકાસ રૂંધાય છે.

# દીકરો-દીકરી એક સમાન...! શું વાત કરો છો

નીતિ ઘરમનો રોટલો રળતું સામાન્ય કુટુંબ છે. મર્યાદિત આવકમાં બે છેડા માંડ પુરા થાય. ભણી લીધેલ પુત્રએ માગણી મુકી."મારા એક મિત્ર સાથે કોમ્પ્યુટર કલાસ શરૂ કરવા છે. રૂમ જોયો છે, પચ્ચીસ હજારની જરૂર છે."તાજેતરમાં જ થયેલ પુત્રીના લગ્નમાં બચત બધી વપરાઈ ગઈ હતી. જબરી મુંઝવણ થઈ. વ્યવહાર કુશળ પત્નીએ રસ્તો કાઢયો. દાગીના કાઢી આપ્યા."આ વેંચી આવો. છોકરાના ભવિષ્યનો સવાલ છે."પચ્ચીસ હજાર જયારે બહુ મોટી રકમ ગણાતી હતી. તે સમયની આ વાત છે. પંડના ઘરેણા વેચીને પુત્રને પૈસાની સગવડતા માએ કરી આપી.

થોડા વર્ષો પછીની વાત છે, નાની દીકરી સાસરે છે. ભાડાના મકાનમાં રહે છે.

દીકરી વ્હાલનો દરીયો – લેખકશ્રી બલદેવભાઈ સોજ્ઞા

દીકરીનો ફોન આવ્યો,"પપ્પા ! મકાન માલિક ભાડાનું મકાન ખાલી કરાવવાના છે. ગામમાં ડબલ ભાડુ બોલાય છે. વિચાર કર્યો છે કે, બેંકની લોન લઈને નાનું સરખું મકાન લઈ લઈએ. એક મકાન જોયું છે. લોન પછી પણ થોડા પૈસા ખૂટે છે. તમે સગવડ કરી શકશો ? " કેટલી જરૂર છે ?"

# બાળ દેવદૂત


બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન

પ્રકાશક – જી.બી.મકવાણા, દિગ્વિજયસિંહ ચુડાસમા, વાલજીભાઈ રાઠોડ

૧. બાળક એટલે ક્ષણે ક્ષણે વિકસતો જીવ. એની દષ્ટિ પ્રશ્નાત્મક છે. એનું હદય ઉદ્‌ગારાત્મક છે. એના વાકયમાં પ્રશ્ન અને ઉદ્‌ગાર છે પણ પૂર્ણવિરામ કયાંય નથી. બાકળ એટલે તો મૂર્તિમંત ગતિ, અલ્પવિરામ પણ નહીં. – ગિજુભાઈ બધેકા ૨. તમારો શોક કોણ ભુલાવે છે ? તમારો થાક કોણ ઉતારે છે ? તમારૂ વાંઝિયાપણું કોણ ભાંગે છે ? તમારૂ ઘર કિલકિલાટથી કોણ ભરી દે છે ? તમને હસતાં કોણ રાખે છે ? બાળક. પ્રભુને પામવા એને પૂજજો. – ગિજુભાઈ બધેકા,૩. કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શકિતને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા કરી આપવી તે. ગુલાબના છોડને ખાતર પાણી દઈએ, નિંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઊગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની, એની ભીતર બધું પડયું જ છે. આપણે તો ખાલી બાહ્ય મદદ જ કરવાની છે. – મનુભાઈ પંચોળી 'દર્શક' ૪. શેરીની નિર્દોષ ધૂળ બાળકને ચંદન કરતાંય વધુ વહાલી છે. પવનની મીટી લહેરીઓ એને માની ચૂમી કરતાંય વધુ મીઠી લાગે છે. સૂરજનાં કોમળ કિરણો એને આપણા હાથ કરતાં કુમળાં લાગે છે. – ગિજુભાઈ બધેકા, ૫. પાંચ વર્ષ સુધી માતાની ગોદમાં ઉછરેલ બાળક જયારે શાળામાં પ્રવેશ પામે ત્યારે ત્યાં પણ તે માતાનો ખોળો જ શોધતું હોય છે. – મેડમ મોન્ટેસરી, ૬. એક અજાયબ ભરી ઘટના છે કે માણસોને વકીલો કે દાકતરો થવા માટે ભારે કેળવણી આપવામાં આવે છે, જયારે મા–બાપ થવા માટેના અતિ મહત્વના કાર્ય માટે લાયક થવા માટે તેમને કોઈ જ કેળવણી આપવામાં આવતી નથી. – જે કૃષ્ણમૂર્તિ , ૭. સાચે જ બાળકોની વચ્ચે રહેવું એ પુણ્યનો ઉદય બતાવે છે. સાધુતાનો પવિત્ર પરિમલ બાળકોની પાસે છે. – ગિજુભાઈ બધેકા, ૮. બાળકો બગીચાનાં ફૂલડાંને ફૂલડાંની કળીઓ જેવાં નાજુક છે. તમે સંવેદનશીલ માળી બની તે ફૂલડાંને પૂરાં ખીલવામાં સહાયક બનો. – જવાહરલાલ નહેરૂ,૯. કાચો છું તો સમજણ આપ, કાં તો પાછું બચપણ આપ....! – રાજેશ વ્યાસ 'મિસ્કીન' ૧૦. બાળક સમાન પુરાતન બીજી કોઈ જ ચીજ નથી. દેશ, કાળ, શિક્ષણ તથા પ્રણાલી અનુસાર મનુષ્યમાં અનેક પરિવર્તન થતાં રહ્યાં છે. પણ બાળક તો હજારો વર્ષ પહેલાં જેવું હતું, તેવું ને તેવું આજે પણ રહ્યું છે. અનંત આશ્ચર્ય સમું એ અપરિવર્તનીય બાળક સદીઓથી માનવીને ત્યાં નિરંતર જન્મ લેતું રહ્યું છે અને છતાંય સર્વ પ્રથમ દિને હતું તેવું જ સુકોમળ, તેટલું જ નૂતન અને તેટલું જ સરળ અને મધુર પણ છે. – રવીન્દ્રનાથ ટાગોર

# સાચી મિત્રતા - મધુકાન્ત પ્રજાપતિ

શનિ અને રવિ બે પાકા મિત્રો. બંને એક જ શાળામાં ભણે. નિશાળમાં રિસેસનો ઘંટ પડે એટલે બંને એકબીજાના હાથ પકડી દરવાજા બહાર નીકળે. બહાર ઊભેલી લારીમાંથી રવિ કંઈક ખાવાની વસ્તુ ખરીદે અને બંને સાથે મળીને ખાય. રવિના પિતામોટા વેપારી હતા. પૈસે ટકે સુખી. એટલે રવિને ખિસ્સાખર્ચના પૈસા પણ ખાસ્સા મળી રહેતા. શનિ ગરીબ ઘરનો છોકરો. તેના પિતા મજૂરી કરી ઘરનું માંડ પૂરૂં કરે. શનિની શાળા શરૂ થયે ખાસા દિવસ થઈ ગયા હતા. પરંતુ હજુ સુધી તે પુસ્તકો ખરીદી શક્યો ન હતો. એકવાર શાળાના શિક્ષકે વર્ગમાં તેને ઊભો કર્યો. ગુજરાતીનો પાઠ વાંચવા કહ્યું પણ શનિ પાસે ચોપડી હોય તો વાંચે ને ! તરત જ રવિએ પોતાની ચોપડી તેની સામે ધરી દીધી. શિક્ષકે તેને પુસ્તક ન લાવવા બદલ ઠપકો આપ્યો. શનિ વર્ગમાં ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. તેને પોતાની કારમી ગરીબાઈ યાદ આવી ગઈ. ઘરમાં ખાવાનું પણ માંડ ઠેકાણું પડતું હોય ત્યાં, પુસ્તકો ક્યાંથી લાવવા ?તેણે ઘરે જઈને પિતાને પુસ્તકો લાવી આપવા વાત કરી, પણ પિતાએ તેને કહ્યું, બેટા, હમણાં મારી પાસે પૈસા નથી. હવે મજૂરી પણ મળતી નથી. પૈસા આવે એટલે તારી ચોપડીઓ લાવીશું. શનિ મનમાં ને મનમાં મૂંઝાવા લાગ્યો. ઘરેથી શાળાએ જવા નીકળ્યો પણ શાળાએ પહોંચ્યો નહીં. તેને શિક્ષકનો ડર અને પુસ્તક ન હોવાનો સંકોચ સતાવતો હતો. આખો દિવસ ખુલ્લાં ખેતરો અને મંદિર પાછળ આવેલા બગીચામાં સમય પસાર કરી સાંજે શાળા છૂટવાના સમય ઘરે પાછો ફર્યો. દરરોજ હસતો રહેતો શનિ આજે ગમગીન લાગતો હતો. માએ તેને ખાવાનું કહ્યું પણ શનિ 'ભૂખ નથી લાગી' કહી રમવા ચાલ્યો ગયો. આજે તેનો મિત્રો સાથે રમવાનો પણ મૂડ નહોતો. તે રસ્તાની એક બાજુ પડેલા મોટા પથ્થર પર જઈ બેસી ગયો. બધા મિત્રોએ તેને રમવાનું આમંત્રણ આપ્યું પણ તે બેસી જ રહ્યો.રવિ બજારમાંથી પેન્સિલ ખરીદીને પાછો આવતો હતો. તેની નજર રસ્તાને કિનારે બેઠેલા શનિ પર પડી. તરત જ તેણે પૂછ્યું, "શનિ, આજે સ્કૂલમાં કેમ નહોતો



આવ્યો ?"શનિ કંઈ બોલ્યો નહીં. પરંતુ તેની આંખમાંથી દડ... દડ આંસુ ટપકવા લાગ્યાં, રવિ શનિનું દુઃખ સમજી ગયો. પુસ્તકો ન હતાં તેથી શાળામાં શિક્ષકે તેને ટોક્યો હતો તે યાદ આવી ગયું. રવિએ પોતાના હાથમાં રહેલી ચોકલેટ શનિને આપી તેનું દુઃખ હળવું કરવા પ્રયત્ન કર્યો.રવિ તેના મિત્ર શનિના દુઃખે દુઃખી થઈ ગયો. તે ઘરે પહોંચ્યો. શનિનું દુઃખ જોઈને તેને ચેન પડતું નહોતું. તેણે પિતાને કહ્યું, "પપ્પા, એક વાત કહું ?"પપ્પાએ વિચાર્યુ, "આજે રવિ આ રીતે કેમ વાત કરે છે ?" "બેટા, એક નહીં પચાસ વાત કહે.""તમે કહ્યું હતું કે મિત્રને મદદ કરવી એ આપણી ફરજ છે. તમે તમારા વર્ગના મિત્રોને મદદ કરતા હતા ને ?"' 'હા, પણ તેનું અત્યારે શું છે ?" પિતાએ પૂછ્યું."પપ્પા, મારો મિત્ર શનિ ખૂબ ગરીબ છે. તેની પાસે પુસ્તક ખરીદવાના પણ પૈસા નથી. તેથી તે ખૂબ મૂંઝાય છે."પિતા રવિની વાત પારખી ગયા. " અરે એમાં ચિંતા શું કરે છે ?" તેનાં પુસ્તકો તો હું હમણાં જ લેતો આવું છું.પિતાની વાતથી રવિ રાજીના રેડ થઈ ગયો.તેના પિતાએ પુસ્તકો અને સાથે નોટો પણ લાવી આપી.રવિ પુસ્તકો લઈને સીધો શનિને ઘરે પહોંચી ગયો. તેણે શનિ આગળ પુસ્તકોનો ઢગલો કરી દીધો. નવાં નક્કોર પુસ્તકો જોઈ શનિનાં આનંદનો પાર રહ્યો નહીં. તેના ચહેરા પર ખુશી છવાઈ ગઈ. તે રવિને ભેટી પડ્યો."દોસ્ત, તે સાચી મિત્રતા નિભાવી જાણી, નહીંતર મારા જેવા ગરીબ મિત્રનો ભાવ પણ કોણ પૂછે ?" શનિએ ગળગળા થઈ કહ્યું.રવિએ કહ્યું, "દોસ્ત હવે તું કોઈ પણ જાતની ચિંતા કરતો નહીં. તું માત્ર મારો દોસ્ત નહીં, ભાઈ પણ છે. તારા ભણતરનો બધો ખર્ચ હવે મારા પપ્પા આપશે. તારે હવે હિંમત હારવાની જરૂર નથી."શનિની આંખમાંથી દડ... દડ આંસુ વહેવા લાગ્યાં. આ આંસુ સાચી મિત્રતાનાં સાક્ષી હતાં. તે કહેવા લાગ્યો, "રવિ, તારા જેવા મિત્રનો ઉપકાર હું જિંદગીભર ભૂલીશ નહીં." શનિ આગળ કંઈ બોલવા જાય તે પહેલાં રવિએ તેના હોઠ પર આંગળી મૂકી દીધી. "અરે, શનિ, દોસ્તીમાં તો લોકો જાન આપી દે છે. આ તો થોડાં પુસ્તકો છે." શનિ બીજા દિવસથી હરખભેર શાળાએ જવા લાગ્યો.

('ભાવિક પરિષદ' – નવેમ્બર)

# પોતાને માટે કાંઈ નહિ

રાજા અરૂણદેવ જંગલમાં શિકારે ગયા હતા, ત્યારે તેમણે એક વિચિત્ર પક્ષીને ઊડતું જોયું. તેની પાંખોમાં મેઘ ધનુષ્યના રંગો ઝળહળતા હતા. તેમાંથી ક્યારેક લાલ તો ક્યારેક જાંબલી રંગ ઝળહળતા રહેતા. અરૂણદેવે તે પક્ષી પાછળ ઘોડો દોડાવ્યો.

થોડે દૂર એક પહાડી હતી. પંખી તે પહાડી પર ઊતર્યું. અરૂણદેવ પણ તે પહાડી પર ચડવા લાગ્યા. સપાટ જમીન પર ઘોડો થોભી ગયો. ત્યાં તેમની નજરે એક વિચિત્ર દશ્ય પડયું. ત્યાં નાની–મોટી અનેક મૂર્તિઓ જોવા મળી. તેમને થયું એ આ ઘોર જંગલમા મૂર્તિઓ ક્યાંથી ? ત્યાં તો તેમના કાને કોઈનો અવાજ સંભળાયો : 'થોભો'

અરૂણદેવે સામે નજર કરી તો કોઈ સાધુ તેમની તરફ આવતો હતો. અરૂણદેવે તે સાધુના ચરણોને સ્થર્શ કર્યો. આશીર્વાદ દઈને સાધુએ કહ્યું : 'આ મૂર્તિઓ જોઈને નવાઈ લાગે છે ને? રંગબેરંગી પાંખોવાળા પંખી પાછળ અહીં સુધી આવ્યાને ?'

'આપે શી રીતે જાણ્યું ?'

'પહેલાં અનેક લોકો અહીં આવ્યા છે, પણ પાછા ગયા નથી. તે સૌ પથ્થરની મૂર્તિઓ બની ગયા. મેં તે નજરોનજર જોયું છે. આથી જ તને રોકું છું. જીવ વહાલો હોય, તો અહીંથી ભાગી જા.'

'મહારાજા, અહીં આવનાર પથ્થરની મૂર્તિઓમાં શી રીતે પલટાઈ ગયા ?'

તે રંગબેરંગી પાંખોવાળું

સંસ્કાર ગાથા – શ્રી ગિજુભાઈ ભરાડ – પૂ.શ્રી મુકતાનંદ બાપુ

પંખી હકીકતમાં એક ચુડેલ છે. તે આ પહાડની ગુફામાં રહે છે. પંખીનું રૂપ ધરીને તે અહીં–ત્યાં ભટકે છે. તેની પાછળ લોકો ભટકી–ભટકીને અહીં સુધી આવે છે. પછી તે ચુડેલ તેમને પથ્થરની મૂર્તિ બનાવી દે છે.'

'ક્યાં છે' તે ચુડેલ ? હું તેની સાથે લડીશ. હવે એની ચાલાકી નહિ ચાલે રાજા અરૂણદેવે ક્રોધે ભરાઈને કહ્યું.

રાજાની વાત સાંભળીને સાધુ હસી પડયો. પછી બોલ્યો :

'ચુડેલ અત્યારે તેના મૂળ –સ્વરૂપે છે. તે ગુફામાં બેઠી છે અને તેની નજર સામે છે. જો તું ગમે તે રીતે પાછળથી જઈને તેના વાળ પકડી લે તો તે સાવ લાચાર બની જશે. પણ તેમ કરવામા જીવનું જોખમ છે. વાળ ન પકડાય તો તું પણ પથ્થરની મૂર્તિ બની જશે.'

ગુફાનો એક રસ્તો પાછળ થી જતો હતો. રાજા અઢણદેવ પાછળના રસ્તેથી ગુફામાં ગયા. પછી દોડીને તેમણે ચુડેલના વાળ પકડી લીધા.

એકાએક હુમલો થવાથી ચુડેલ ગભરાઈ ગઈ. તેની શકિત તેના વાળમાં જ હતી. તે બોલી :

'તું પહેલો માણસ છે, જેણે મને પરવશ કરી દીધી છે. મારા વાળ છોડી દે. હું તને સોનામહોરો ભરેલો થેલો આપીશ.'

'હું તારી ગરદન કાપી નાખીશ. મને કાંઈ જોઈતું નથી.'

તે રોવા લાગી. રાજાએ કહ્યુ : 'જયાં સુધી તું પથ્થરની મૂર્તિઓને સાચા માણસમાં પલટી નહિ નાખ, ત્યાં સુધી તને છોડીશ નહિ.'


સુડેલ લાચાર બની ગઈ. તેણે હવામાં હાથ હલાવ્યો અને જોતજોતામાં તે મૂર્તિઓ મનુષ્યમાં પલટાઈ ગઈ. તે પછી રાજા અરૂણદેવે એ ચુડેલનું માથું તલવારથી ઉડાવી દીધું.

ચુડેલના ત્રાસમાંથી મુકત થયેલ લોકો રાજાનો આભાર માનવા લાગ્યા. સાધુને સૌને આર્શીવાદ આપ્યા.

રાજા ત્યાંથી પાછો ફરતો હતો, ત્યારે સાધુએ કહ્યું :

'રાજા અરૂણદેવ, આ પૃથ્વી પર તારા જેવા પરોપકારી પુરૂષ થોડાક જ છે. પોતાના પ્રાણની પરવા કર્યા વિના તે લોકોને જીવતદાન આપ્યાં. પોતાને માટે કાંઈ નહિ પણ પારકા માટે જીવનાર રાજા અરૂણદેવ, ધન્ય છે તને ધન્ય છે તારી પરોપકારી ભાવનાને.'

# આ મારું ચિત્ર છે






કૌશલ ભરાડ
( ધો.૬, રૂપાયતન પ્રાથમિક શાળા – અમરેલી)



ખુમાણ કૌશિક ડાયાભાઈ
( ધો.૬, શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા )



ચૌહાણ હેમેન્દ્ર રમેશભાઈ
( શાળા : રોકડીયા હનુમાનપરા પ્રા.શાળા)



ઠાકર સ્વરા મયુરભાઈ
(ધોરણ : ૪(અ), રૂપાયતન પ્રાથમિક શાળા–અમરેલી )

### તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ સ્પર્ધામાં

# અમરેલી ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલનો સૌરાષ્ટ્ર ઝોનમાં ડંકો વાગ્યો

## સ્કેટીંગ રમતમાં મેડલ પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૬

અમરેલી ધો. ૧૨ ઓપન સૌરાષ્ટ્ર ઝોન સ્પીડ સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન રાજકોટ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં સેરાષ્ટ્રની અલગ–અલગ શ્રેષ્ઠ શાળાકીય સ્કેટીંગ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા સ્કૂલના સ્કેટીંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સ્પીડ ઈન લાઈન સ્કેટીંગમાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી સફર સફળ બનાવીને સિદ્ધીઓ મેળવી અમરેલીનું ગૌરવ વધાર્યુ છે. જેમાં આ સંસ્થાની ૧) રામાનુજ દર્શિલ લોંગ રેસ –રજત પદક, ૨) ધડુક રાજીવી લોંગ રેસ–કાંસ્ય પદક, શોર્ટ રેસ –કાંસ્ય પદક, નોન સ્ટોપ રેસ– કાંસ્ય પદક, ૩) બુટાણી વેદાંત નોન સ્ટોપ રેસ કાંસ્ય પદક, ૪) સાઉ કૃતાર્થ લોંગ રેસ કાંસ્ય પદક નોન સ્ટોપ રેસ કાંસ્ય પદક, ૫) પ્રજાપતિ મોહિત લોંગ રેસ કાંસ્ય પદક શોર્ટ રેસ કાંસ્ય પદક નોન સ્ટોપ રેસ કાંસ્ય પદક, ૬) પીલુકીયા જેની નોન સ્ટોપ રેસ કાંસ્ય પદક, સાથે સિદ્ધીઓ મેળવેલ છે, એ સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. આ સિદ્ધિ દ્વારા ફરી એકવાર સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્કેટીંગ ખેલાડી તેમજ કોચ શુભમભાઈ રાઠોડ અને ટ્રેનર વિવેકભાઈ ગોસ્વામીને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# રંગપુર ખાતે પ્રાથમિક શાળામાં આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૬

આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા દ્વારા પ્રાથમિક શાળા રંગપુર ખાતે ધોરણ ૧ થી ધોરણ ૫નાં બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ જેમ કે વાહકજન્ય રોગો ફેલાવવાના કરણો તેને અટકાવવા ના ઉપાયો, આહારમાં પૌષ્ટિક ખોરાક લેવાના ફાયદાઓ સમજાવવામાં આવેલ. આ કાર્યક્રમનાં અંતે બાળકોને નાસ્તો આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાનાં સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, ડી.જી રાજયગુરૂ, કે.બી દુધાત પ્રાથમિક શાળા રંગપુરનાં આચાર્ય રાકેશભાઈ દેવાણી અને પ્રાથમિક શાળા રંગપુરનાં સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવેલ.

### ગેસ સપ્લાય અંગે સમીક્ષા બેઠક

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધની અસરને લઈને ગુજરાત સરકાર એલર્ટ

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં ગેસ સપ્લાય, સ્ટોક, આયાત, વિતરણ અને વિકલ્પો અંગે ચર્ચા કરી

ગાંધીનગર, તા.૬

મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવની અસર વૈશ્વિક ઊર્જા બજાર પર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે રાજ્યમાં ગેસ પુરવઠાની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી.

વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી આ બેઠકમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ ઊર્જા વિભાગના અધિકારીઓ અને સરકારી ગેસ કંપનીઓના પ્રતિનિધિઓ જોડાયા હતા.

બેઠકમાં રાજ્યમાં એલએનજી (LNG) અને એલપીજી (LPG)ના પુરવઠા, ઉપલબ્ધ સ્ટોક તેમજ ભવિષ્યમાં ઉભી થઈ શકે તેવી સંભાવિત સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ રાજ્યમાં હાલ ગેસ સપ્લાયની સ્થિતિ, આયાતની વ્યવસ્થા અને ગેસ વિતરણ તંત્ર અંગે પ્રસ્તુતિ આપી હતી.

ગુજરાત ઉદ્યોગપ્રધાન રાજ્ય હોવાથી અહીં મોટા પાયે ઉદ્યોગો નેચરલ ગેસ પર આધારિત છે. ટેક્સટાઈલ, કેમિકલ, સેરામિક સહિતના અનેક ઉદ્યોગોમાં ગેસનો વ્યાપક ઉપયોગ થાય છે. તેથી વૈશ્વિક સ્તરે ઊર્જા પુરવઠામાં થતી હલચલનો પ્રભાવ રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્ર પર પણ પડી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગેસ કંપનીઓ સાથે પૂર્વ તૈયારીરૂપે ચર્ચા કરવામાં આવી છે.

બેઠક દરમિયાન અધિકારીઓને ગેસ સપ્લાય ચેઈન ઉપર સતત નજર રાખવા સૂચના આપવામાં આવી હતી. સાથે જ ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રહે અને ઉદ્યોગો તેમજ ઘરેલુ વપરાશકર્તાઓને પુરવઠામાં કોઈ ખલેલ ન પડે તે માટે જરૂરી આયોજન કરવા જણાવ્યું હતું. બેઠકમાં ગેસ આયાત, સ્ટોરેજ ક્ષમતા અને વિતરણ વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જરૂર પડે તો વિકલ્પરૂપે ગેસ સપ્લાય સુનિશ્ચિત કરવા માટે પણ પગલાં લેવા પર વિચાર કરવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બેઠક દરમિયાન જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગેસ પુરવઠાની સ્થિતિ ઉપર સતત મોનિટરિંગ શરૂ કર્યું છે. કોઈપણ સંજોગોમાં રાજ્યના નાગરિકો અને ઉદ્યોગોને ગેસ પુરવઠામાં અછત અનુભવવી ન પડે તે માટે તમામ ગેસ કંપનીઓને સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ભારત પોતાની ગેસ જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂરો કરે છે અને તેમાં મધ્ય પૂર્વના દેશો મહત્વની ભૂમિકા ભજવે છે. આવી સ્થિતિમાં આ વિસ્તારમાં વધતા તણાવને કારણે વૈશ્વિક ઊર્જા બજારમાં અનિશ્ચિતતા ઊભી થવાની શક્યતા રહે છે. આ પરિસ્થિતિ વચ્ચે ગુજરાત સરકારે સમયસર સમીક્ષા કરીને રાજ્યમાં ગેસ સપ્લાયની સ્થિતિ પર નજર રાખવાનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા આગામી દિવસોમાં પણ પરિસ્થિતિ મુજબ સમીક્ષા કરીને જરૂરી પગલાં લેવામાં આવશે તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં હોલિકા અને ધૂળેટી ઉત્સવ ઉજવાયો





અમરેલી, તા. ૬

અમરેલી શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રંગ ઉત્સવ (ધૂળેટી)નો તહેવાર ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ નિર્દોષ ઈકોફ્રેન્ડલી રંગોથી શાળાના પરિસરમાં ધૂળેટી ઉત્સવ ઉજવાયો હતો. તેમાં દેશી બનાવટના કલર, ગુલાલ અને પાણી વડે બાળકો રંગે રમ્યા હતા. આ ઉત્સવ રંગ અને ઉલ્લાસનો તહેવાર છે. ભારતીય સંસ્કૃતિનો આ તહેવાર વિશ્વભરમાં પ્રસિધ્ધ પામ્યો છે, ત્યારે શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પણ આ તહેવાર ખુબ જ ધામધૂમથી ઉજવાયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા–લીલીયા વિસ્તારમાં

સરફેસિંગનું કામ ૧.૮૦ કરોડ તેમજ મેરીયાણા ગામે સીસી રોડના કામનું ખાતમુહર્ત ૫૦ લાખ કરવામાં આવ્યુ. તેમજ લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે રૂ. ૪૫ લાખ, નવી પ્રાથમિક શાળનું લોકાર્પણ કરવામાં આવ્યું. તેમજ નાના લીલીયા ગામે ૧.૧૮ કરોડ નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ અને નવા બસ સ્ટેન્ડનું રૂ. ૫ લાખ રૂપિયા બનશે જેનું ખાતમુહર્ત તેમજ તેમાં જુદા જુદા વિસ્તારમાં બ્લોક રોડ ૩.૫૦ લાખના કામનું ખાતમુર્હત કરવામાં આવ્યું. કુલ ૫.૨૯ કરોડના ખાતમુર્હત અને લોકાર્પણ કરવામાં આવ્યા.

આ વિકાસ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્યો, જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા ભાજપ સંગઠન હોદ્દેદારો, સહકારી આગેવાનઓ, ગ્રામ પંચાયતના સરપંચ તેમજ આગેવાનો અને કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનાં

સંભવ ૧ મેના રોજ મતદાન યોજાય તેવી શક્યતા છે. ગુજરાત સ્થાપનાના દિનના દિવસે ગુજરાતમાં ૨૬૦ તાલુકા ગુજરાતમાં પંચાયત, ૩૨ જિલ્લા પંચાયત, ૧૫ મહાનગરપાલિકા અને ૭૧ નગરપાલિકાઓમાં ચૂંટણી યોજાઈ શકે છે. રાજ્ય ચૂંટણી આયોગે આ માટે મતદાર મંડળો-યાદીને આખરી આપ આપવા પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. ત્યારે આકરી ગરમી વચ્ચે ગુજરાતમાં ચૂંટણીના માહોલને કારણે ગરમાવો આવશે.

રાજ્ય ચૂંટણી આયોગે જૈંઈ પછી ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા-ઈઝૈંની મતદાર યાદીને આધારે પંચાયતોમાં મતક્ષેત્રો અને પાલિકાઓમાં વોર્ડમાં બેઠકોની ફાળવણી માટે પ્રાથમિક જાહેરનામાઓ પ્રસિધ્ધ કર્યા છે. સંભવતઃ માર્ચ મહિનાના અંત સુધીમાં તેને ફાઈનલ કરી દેવામાં આવે તેવી શક્યા છે. તેના બાદ એપ્રિલ મહિનાના બીજા કે ત્રીજા સપ્તાહે ચૂંટણી જાહેર કરવા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેના આધારે શક્યતા ૧ મે બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. બીજો પાયદો એ પણ છે કે, ગુજરાતની અનેક નગરપાલિકા, પંચાયતોમાં વહીવટદારોનું શાસન છે. તો કેટલીક પાલિકાઓમાં જલ્દી જ પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂર્ણ થઈ જશે. નવા પ્રતિનિધિ નહિ ચૂંટાય ત્યા સુધી તમામ પાલિકાઓમાં વહીવટદારો રાજ કરશે. જે અંતર્ગત સરકારના પ્રતિનિધિઓ જેમકે, આઈએએસ, GAS સહિતના અધિકારીઓ ચાર્જ સંભાળશે. ગુજરાતની તમામ પાલિકા અને નગરપાલિકાઓમાં ૯ થી ૧૧ માર્ચ દરમિયાન તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂરી થઈ રહી છે. જેમ કે, નગરસેવકો, કોર્પોરેટર, મેયર, પ્રમુખ સહિતના સમયગાળાનો અંત આવશે. તેથી ૧૦ માર્ચથી ૨૦ મે સુધી વહીવટદારો ગુજરાતમાં રાજ કરશે. જ્યા સુધી ચૂંટણી નહિ થાય, અને પ્રતિનિધિ નહિ ચૂંટાય, અને પ્રતિનિધિઓની પ્રથમ બેઠક નહિ મળે ત્યાં સુધી વહીવટ સરકારી અધિકારીઓ કરશે.

પાના ૮ ઉપરનું ચાલું

## વરસડા મુકામે ૪૨ કરોડનાં ખર્ચે

વરસડા મુકામે 'ઈશ્વરીયા સુધારણા જૂથ પાણી પુરવઠા' યોજનાના લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા અને તાલુકા પંચાયત સભ્યઓ, અન્ય રાજસ્વી હોદ્દેદારઓ,જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, તાલુકા વિકાસ અધિકારીઓ, સંબંધિત વિભાગના અધિકારીઓ, વરસડા સરપંચ, સ્થાનિક આગેવાનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# T20 વર્લ્ડ કપ ફાઇનલ માટે મુંબઈ અને અમદાવાદ વચ્ચે સુપરફાસ્ટ ટ્રેન દોડશે

અમદાવાદ,તા.૬

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે T20 ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચ રમાશે. આ મેચ જોવા માટે સમગ્ર દેશમાંથી દર્શકો અમદાવાદ આવી પહોંચશે. ત્યારે દર્શકોને અમદાવાદ આવવા માટે ટ્રાન્સપોર્ટેશન અંગે કોઈ તકલીફ ના રહે તે માટે ભારતીય રેલવે વિભાગ દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.રેલવે વિભાગ દ્વારા ૭થી૯ માર્ચ સુધી મુંબઈ અને અમદાવાદ વચ્ચે સુપર ફાસ્ટ ટ્રેન દોડાવાશે.

તેજસ અને AC સુપરફાસ્ટ ટ્રેનોની સુવિધા મુસાફરોને આપવામાં આવશે. મુંબઈથી અમદાવાદ સુધીના રૂટ પર સુરત, વડોદરા અને વાપીમાં ટ્રેનના મહત્વના સ્ટોપેજ આપવામાં આવ્યા છે. ક્રિકેટના હાઈ ફિવર વચ્ચે ટ્રેનના મુસાફરો માટે ઓનલાઈન બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. સ્પેશિયલ ટ્રેન માટે રેલવે વિભાગ સ્પેશિયલ ભાડા પર સંચાલન કરશે. IRCTCની વેબસાઈટ પરથી ટિકિટ ઓનલાઈન બુક કરાવી શકાશે.

૭ માર્ચના રાત્રે ૧૧.૪૫ વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી સુપરફાસ્ટ તેજસ ટ્રેન ઉપડશે જે ૮ માર્ચના સવારે ૮.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

૮ માર્ચના સવારે ૬.૨૦ કલાકે મુંબઈ સેન્ટ્રલથી છઝ સુપરફાસ્ટ ટ્રેન ડિપાર્ચર થશે જે બપોરે ૧૨.૪૦ના અમદાવાદ પહોંચશે. ૯ માર્ચના અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે છઝ સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન થશે. મુસાફરોને બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટોપેજ મળશે.

સંકુલ ધો. ૧૧ સાયંસ
ડેઈલી JEE-NEET ક્લાસ
સંકુલ ધો. ૧૨ સાયંસ
ડેઈલી JEE-NEET ક્લાસ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
-Ad216

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરાનાં મોટા દેવળીયા માર્ગ ઉપર

રોયલસ્ટેગવ્હિસ્કીની૯૦બોટલ, રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૧૧૪ બોટલ અને મેજિક મોમેન્ટસ ઓરેન્જ વોડકાની ૧૨ બોટલનો સમાવેશ થાય છે. આ સાથે જ પોલીસ રૂા. ૫,૦૦,૦૦૦/–ની કિંમતની મારૂતી સુઝુકી બ્રેઝા કાર (નંબર જીજે–૩૬–એફ–૩૬૪૭) તથા રૂા. ૫,૦૦૦/–નો મોબાઈલ ફોન મળી કુલ રૂા.૯,૪૦,૨૦૦/–નો મુદ્દામાલ કબજે કર્યો છે અને ઘટના સ્થળેથી આરોપી કલ્યાણસિંહ મનોહરસિંહ સિસોદીયા (ઉ.વ.૨૨ રહે. અદવાસ, ઉદયપુર) તથા નરેશભાઈ કિશનભાઈ સાહુ (ઉ.વ.૩૦ રહે. ગંગરાર, ચિત્તોડગઢ )ની ધરપકડ કરી તેઓ વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહિબીશન એકટની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

**લીલીયા મોટા :** લીલીયા નિવાસી શારદાબેન મનુભાઈ પાઠક (ઉ.વ. ૮૨) તે કિશોરભાઈ (એડવોકેટ), હિતેષકુમારનાં માતુશ્રી તથા ધ્રુવદીપભાઈ તેમજ જૈમિનભાઈનાં દાદીમાનું તા. ૫ ને ગુરૂવારનાં રોજ અવસાન થયેલ છે.



સદગતનું બેસણું તા. ૮ને રવિવારે બપોરે ૩ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન લીલીયા મોટા મુકામે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૯૦ | ૧૩૧૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૬૦ | ૧૪૪૦ |
| ૩ | શિંગ મોટી | ૯૭૦ | ૧૫૩૦ |
| ૪ | શિંગદાણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૬૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૯૦ | ૧૮૯૫ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૪૦૮૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૩૦ | ૧૯૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૫૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૩૯૫ | ૫૨૫ |
| ૧૧ | મકાઈ | ૩૫૫ | ૪૬૦ |
| ૧૨ | અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | ચણા | ૭૮૦ | ૧૦૫૦ |
| ૧૪ | સફેદ ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૫ | વટાણા | ૬૨૫ | ૬૨૫ |
| ૧૬ | તુવેર | ૧૧૫૦ | ૧૪૬૫ |
| ૧૭ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| ૧૮ | એરંડા | ૧૦૫૦ | ૧૨૪૫ |
| ૧૯ | જીરૂ | ૩૦૦૦ | ૪૧૯૦ |
| ૨૦ | રાયડો | ૯૩૫ | ૧૦૭૦ |
| ૨૧ | રાય | ૧૧૫૦ | ૧૧૭૦ |
| ૨૨ | ધાણા | ૧૬૫૦ | ૨૪૦૦ |
| ૨૩ | ધાણી | ૧૭૦૦ | ૩૨૫૦ |
| ૨૪ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨૫ | મેથી | ૯૦૦ | ૧૨૩૫ |
| ૨૬ | સોયાબીન | ૭૫૦ | ૧૦૨૦ |
| ૨૭ | મરચા લાંબા | ૧૨૪૦ | ૬૨૫૦ |
| ૨૮ | મરચા ઘોલર | ૨૨૦૦ | ૮૨૫૦ |
| ૨૯ | કાંગ | ૫૩૫ | ૫૩૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ સુપર | ૧૪૦૦ | ૧૫૯૦ |
| ૨ | મગફળી મીડીયમ | ૧૧૮૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૧૨૭૦ | ૧૩૭૫ |
| ૪ | જીરૂ | ૩૮૫૦ | ૪૨૯૦ |
| ૫ | ચણા | ૧૦૧૫ | ૧૦૩૨ |
| ૬ | ધાણા | ૧૮૫૦ | ૨૪૦૦ |
| ૭ | ઘઉં | ૪૮૦ | ૫૪૦ |
| ૮ | તુવેર | ૧૩૨૫ | ૧૪૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૦ | ૧૫૩૧ |
| ૩ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૨૫ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૭૩૫ |
| ૫ | જીરૂ | ૩૭૦૦ | ૪૮૨૫ |
| ૬ | કપાસ | ૧૩૨૦ | ૧૫૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૬૧૨ |
| ૧૦ | જુવાર | ૭૫૦ | ૯૫૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| ૧૨ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૫૪૦ |
| ૧૪ | એરંડી | ૧૧૨૦ | ૧૨૩૮ |
| ૧૫ | મેથી | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ૧૬ | ધાણા | ૧૬૫૧ | ૨૪૩૧ |
| ૧૭ | સોયાબીન | ૯૦૦ | ૯૯૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| ૨ | ચણા | ૧૦૧૪ | ૧૦૧૪ |
| ૩ | તુવેર | ૧૨૮૫ | ૧૨૮૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨ | મગફળી | ૧૦૨૦ | ૧૨૨૫ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૨૮ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૬ |
| ૬ | ધાણા | ૧૫૭૦ | ૨૦૨૧ |
| ૭ | રાઈ | ૧૦૪૫ | ૧૦૪૫ |
| ૮ | રાઈડો | ૧૦૨૨ | ૧૦૩૨ |
| ૯ | એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૪૦ | ૪૩૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૩૫ |
| ૪ | ચણા | ૯૮૦ | ૧૦૨૫ |
| ૫ | ધાણા | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ૬ | ધાણી | ૧૮૪૫ | ૧૯૪૫ |
| ૭ | મેથી | ૭૬૫ | ૮૬૫ |
| ૮ | શીંગદાણા | ૧૩૪૦ | ૧૩૯૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૬૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૬ | ૧૫૪૦ |
| ૨ | મગફળી | ૮૫૧ | ૯૫૧ |
| ૩ | ચણા | ૧૦૧૭ | ૧૦૩૦ |
| ૪ | સોયાબીન | ૮૯૫ | ૮૯૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૬ | તુવેર | ૧૨૫૨ | ૧૪૯૦ |
| ૭ | ધાણા | ૧૦૦૧ | ૧૪૦૦ |
| ૮ | બાજરો | ૨૫૫ | ૩૧૧ |
| ૯ | ઘઉં | ૪૦૦ | ૪૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૨ | તલ કાળા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ૪ | બાજરો | ૩૨૧ | ૫૭૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૧ |
| ૬ | જુવાર | ૭૫૧ | ૧૧૫૨ |
| ૭ | મકાઈ | ૫૧૧ | ૫૧૧ |
| ૮ | મગ | ૧૦૦૦ | ૨૭૧૧ |
| ૯ | તુવેર | ૧૧૫૦ | ૧૫૧૯ |
| ૧૦ | ચણા | ૭૭૬ | ૧૦૨૫ |
| ૧૧ | ધાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૧૨ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૫૭ | ૭૫૭ |
| ૧૪ | રાય | ૯૫૦ | ૧૩૫૦ |

### ભારતને યૂરેનિયમ આપશે કેનેડા

# ઈરાનનો મોટો હુમલો : જોર્ડન અને UAEમાં અમેરિકી રડાર સિસ્ટમ ધ્વસ્ત

## અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન ભયાનક વળતો પ્રહાર કરી રહ્યું છે

તહેરાન, તા.૬

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ભયાનક તબક્કામાં પહોંચી ગયો ચૂક્યો છે. અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન ભયાનક વળતો પ્રહાર કરી રહ્યું છે અને તે આરબ દેશોમાં અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ અને ડ્રોનથી હુમલાઓ કરી રહ્યું છે. તાજેતરમાં સામે આવેલી સેટેલાઈટ તસવીરો પુષ્ટિ કરે છે કે, ઈરાને જૉર્ડન, સંયુક્ત આરબ અમીરાત (UAE) અને કતારમાં અમેરિકાની અત્યંત આધુનિક એર ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવી છે. સેટેલાઈટ ઈમેજ મુજબ, જૉર્ડન સ્થિત મુવાફક સાલ્ટી એર બેઝ પર તૈનાત અમેરિકાના THAAD (Terminal High Altitude Area Defense) મિસાઈલ બેટરીના રડાર સિસ્ટમને ઈરાને સફળતાપૂર્વક નષ્ટ કરી દીધી છે. રેથિયૉન કંપની દ્વારા બનાવવામાં આવેલા આ AN/TPY-2 રડારની કિંમત અંદાજે ૫૦ કરોડ ડૉલર (આશરે રૂ.૪,૧૦૦ કરોડથી વધુ) છે. તસવીરોમાં એરબેઝ પાસે રેતમાં ૧૩ ફૂટ પહોળા બે મોટા ખાડા દેખાય છે, જે સૂચવે છે કે રડારને સચોટ રીતે તોડી પાડવા માટે એકથી વધુ મિસાઈલોનો ઉપયોગ થયો હતો. પાંચ મોટા ટ્રેલર પર ગોઠવાયેલી આ આખી સિસ્ટમ હાલ સંપૂર્ણપણે બિનઉપયોગી બની ગઈ છે. જૉર્ડન ઉપરાંત, સંયુક્ત આરબ અમીરાતના રૂવૈસ અને સાદેર વિસ્તારમાં આવેલા સૈન્ય ઠેકાણા પર પણ ઈરાને હુમલો કર્યો છે. રૂવૈસમાં ૩ અને સાદેરમાં ૪ મહત્વની ઈમારતોને નુકસાન થયું હોવાના અહેવાલ છે. આ ઈમારતોનો ઉપયોગ રડાર સિસ્ટમ અને સૈન્ય વાહનો રાખવા માટે થતો હતો. નિષ્ણાતો હજુ એ તપાસી રહ્યા છે કે આ રડાર અમેરિકી સેનાના હતા કે UAEએ અમેરિકા પાસેથી ખરીદેલા હતા.

કોઈપણ એર ડિફેન્સ નેટવર્કમાં રડાર તેની આંખ સમાન હોય છે. તે સેંકડો માઈલ દૂરથી આવતી બેલિસ્ટિક મિસાઈલો કે ડ્રોનને ઓળખીને ઈન્ટરસેપ્ટર મિસાઈલોને લોકેશન આપે છે. ઈરાને આ રડાર તોડી પાડીને અમેરિકા અને તેના સહયોગી દેશોના સુરક્ષા કવચને નબળું પાડી દીધું છે. અમેરિકી સરકારના તાજેતરના નિવેદનો પણ હવે સ્પષ્ટ કરી રહ્યા છે કે આ જંગ ધાર્યા કરતા વધુ લાંબો ખેંચાઈ શકે છે. ઈરાન તરફથી મળેલો આ આંચકો અમેરિકા માટે દાયકાઓનો સૌથી મોટો સૈન્ય ફટકો માનવામાં આવી રહ્યો છે.

થાડ માટે એવું કહેવામાં આવે છે કે તે પળવારમાં દુશ્મનની મિસાઈલને ઈન્ટરસેપ્ટ કરીને બરબાદ કરી શકે છે. થાડ મિસાઈલ મીડીયમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલનો પ્રારંભિક તબક્કામાં જ નાશ કરવા માટે સક્ષમ માનવામાં આવે છે. તે હીટ ટુ કિલ ટેકનીક પર કામ કરે છે. મતલબ કે તેમને દુશ્મની મિસાઈલને રોકતી નથી પરંતુ તેનો નાશ જ કરી દે છે. થાડ ૨૦૦ કિમી સુધી દુર અને ૧૫૦ કિમીની ઉંચાઈ પર પણ હુમલો કરવા માટે સક્ષમ છે.

### રાજ્યના પોલીસ તંત્રમાં મોટા ફેરફાર

# રાજ્યના 37 IPSની બદલી, નિર્લિપ્ત રાય બન્યાં રાજકોટ રેંજ આઈજી

## રાઘવેન્દ્ર વત્સને અમદાવાદ રેન્જ IG અને ગગનદીપ ગંભીરને SMCનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે

ગાંધીનગર, તા.૬

ગુજરાત ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં મોટા વહીવટી ફેરફાર કરવામાં આવ્યાં છે. ૩૭ IPS અધિકારીઓની બદલીના આદેશ અપાયા છે. જેમાં અનેક મહત્વના હોદ્દાઓ અપગ્રેડ અને ડાઉનગ્રેડ કરવામાં આવ્યા છે. આ ફેરબદલમાં રાઘવેન્દ્ર વત્સને અમદાવાદ રેન્જ IG અને ગગનદીપ ગંભીરને SMCનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તો સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ના વડા નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ IG બનાવાયા છે. સમશેરસિંગ સિવિલ ડિફેન્સના ડીજીની જવાબદારી સોંપવામાં આવી છે. SMCના DIGP તરીકે વિશાલ વાઘેલાની નિમણુક કરવામાં આવી છે. સુરતના JCP તરીકે મહેન્દ્ર બગડિયાને જવાબદારી સોંપાઈ છે. બનાસકાંઠા રેંજ આઈજી તરીકે પરિક્ષિતા રાઠોડ, ACB જોઈન્ટ ડાયરેક્ટર તરીકે દીપક મેઘાણી, વડોદરાના JCP તરીકે નિલેશ જાજડિયાની નિમણુક કરવામાં આવી છે. આઈબીના વડા અશોક યાદવ બન્યા છે. મયુર પાટીલને અમદાવાદ ઝોન-૮ DCP તરીકેની સેવા સોંપાઈ છે. તરુણ દુગ્ગલ અમદાવાદ શહેર એડીશનલ કમિશ્નરની જવાબદારી સંભાળશે. તદપરાંત આર.પી.બારોટને અમદાવાદ જેલના DIGP બનાવાયા છે. રાજેન્દ્ર અસારીની ભાવનગર રેન્જ ના આઈજી તરીકે બદલી થઈ છે.

ગુજરાતમાં ૩૭ IPS અધિકારીની મોટાપાયે બદલી

- શમશેર સિંઘની DGP સિવિલ ડિફેન્સ તરીકે નિમણૂક, રાજકોટ IG અશોક કુમારને IBમાં મુકાયા, ગગનદીપ ગંભીરને SMCના IGPનો વધારો ચાર્જ સોંપાયો,
- IPS ગૌતમકુમાર પરમાર IG CID ક્રાઈમ બન્યા, રાઘવેન્દ્ર વત્સ IG અમદાવાદ રેન્જ,
- નિલેશ જજડિયા વડોદરા શહેર JCP બન્યા
- બિપિન આહિરેને IG સાયબર સેન્ટર ઓફ એક્સલન્સમા મુકાયા, પી.એલ. મલની ACBમાં એડિશનલ ડાયરેક્ટર તરીકે બદલી, એન એન ચૌધરીની સ્ટેટ IBમાં બદલી, એ.જી.ચૌહાણની JCP ટ્રાફિક અમદાવાદમાં બદલી, આર. વી અસારી ભાવનગર રેન્જ IG બન્યા
- કે.એન.ડામોરની CID ક્રાઈમમાં બદલી, મકરંદ ચૌહાણ કાયદો અને વ્યવસ્થા ગાંધીનગર DIGP
- પરીક્ષિતા રાઠોડની બનાસકાંઠા રેન્જ IG તરીકે બદલી
- વિધિ ચૌધરી DIGPગોધરા રેન્જ
- વિશાલકુમાર વાઘેલા DIGP સ્ટેટ મોનીટરીંગ સેલમાં બદલી
- વિશાલકુમાર વાઘેલાને પોલીસ ભરતી બોર્ડના DIGPનો વધારાનો ચાર્જ
- લીના પાટીલ પ્રિન્સીપાલ કરાઈ તાલીમ શાળા
- નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જ IG
- દીપકકુમાર મેઘાણી ACBમા જોઈન્ટ ડાયરેક્ટર બન્યા
- મહેન્દ્ર બગરિયા JCP સુરતમા બદલી
- હિતેશ જોઈશર IB મા મુકાયા
- ડૉ.તરુણ દુગ્ગલ એડિશનલ કમિશનર અમદાવાદ શહેર એડમિન
- ચૈતન્ય માંડલિક રાજકોટ શહેર એડિ. કમિ, ક્રાઈમ ટ્રાફિક
- સરોજ કુમારી DIG જેલ વડોદરા
- રાજેન્દ્રસિંહ ચુડાસમા DIGP જૂનાગઢ અને પોલીસ ટ્રેનિંગના પ્રિન્સિપાલનો વધારાનો હવાલો
- આર પી બારોટ DIGP જેલ અમદાવાદ
- ડૉ.જી.એ.પંડ્યા DIGP જેલ રાજકોટ
- આર ટી શુશ્રા સ્પેશિયલ બ્રાન્ચ અમદાવાદ
- સુધા પાંડે DIGP હથિયારી એકમ વડોદરા
- સુજાતા મજમુદાર DIGP હથિયારી એકમ ગાંધીનગર
- ડૉ.સુધીર દેસાઈ એડિશનલ કમિશનર વડોદરા શહેર
- બલરામ મીણા સ્પેશિયલ કમિશનર સુરત
- ડૉ.કરણરાજ વાઘેલા JCP ક્રાઈમ સુરત
- એસ વી પરમાર જેસીપી ટ્રાફિક સુરત
- એ એમ મુનિયા DIGP કોસ્ટલ સિક્યુરિટી અમદાવાદ એ એમ મુનિયાને કોસ્ટલ સિક્યુરિટી ગાંધીનગરનો વધારાનો ચાર્જ
- મયુર પાટીલ DCP ઝોન ૮ અમદાવાદ
- ૩૭ વાબાંગ ઝમીરને વેઈટિંગ ફોર પોસ્ટિંગ રખાયા

### ભારત આવેલા ઈરાનના મંત્રીનું મોટું નિવેદન

# ગલ્ફથી અમેરિકાનું અસ્તિત્વ ખતમ કરી દઈશું

## રાયસીના સંવાદ ૨૦૨૬માં વક્તા તરીકે હાજર રહેલા ખતીબઝાદેહે વર્તમાન યુદ્ધની સ્થિતિ પર ટિપ્પણી કરી

નવી દિલ્હી, તા.૬

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે ઈરાનના વિદેશ બાબતોના ઉપ-મંત્રી ડૉ. સઈદ ખતીબઝાદેહ ભારતની મુલાકાતે છે. દિલ્હીમાં આયોજિત રાયસીના સંવાદ ૨૦૨૬માં વક્તા તરીકે હાજર રહેલા ખતીબઝાદેહે વર્તમાન યુદ્ધની સ્થિતિ પર ગંભીર ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચેની સભ્યતાના મૂળ એકબીજા સાથે જોડાયેલા છે અને ઈરાન ભારત સાથેના સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપે છે. જોકે, વર્તમાન સંઘર્ષ અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે, અમેરિકાએ ઈરાનના અસ્તિત્વને જ સમાપ્ત કરવાનો નિર્ણય કરી લીધો છે, જેના કારણે ઈરાન પાસે હવે પ્રતિકાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી.જંગની ગંભીરતા વિશે વાત કરતાં ડૉ. સઈદ ખતીબઝાદેહે કહ્યું કે, જ્યારે આપણે અત્યારે વાત કરી રહ્યા છીએ, ત્યારે મારા દેશવાસીઓ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવતી નિરંતર બોમ્બમારોનો સામનો કરી રહ્યા છે. તેહરાન પર સતત હુમલા થઈ રહ્યા છે. તેમણે આ લડાઈને ઈરાન માટે એક વીરતાપૂર્ણ અને રાષ્ટ્રવાદી યુદ્ધ ગણાવ્યું હતું. તેમણે હુંકાર કર્યો હતો કે, અમેરિકન અને ઈઝરાયલી અત્યાચારોને રોકવા માટે ઈરાન પોતાની છેલ્લી ગોળી અને છેલ્લા સૈનિક સુધી લડત આપશે. તેમના મતે, હુમલાખોરોને પાછળ ધકેલવા એ જ અત્યારે ઈરાનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.ઈરાની મંત્રીએ અમેરિકા અને ઈઝરાયલ પર આંતરરાષ્ટ્રીય કાયદાઓના ઉલ્લંઘનનો આરોપ લગાવતાં કહ્યું કે, ઈરાન તરફથી કોઈ ઉશ્કેરણી કરવામાં આવી ન હતી. તેમણે દાવો કર્યો કે ઈઝરાયલ દાયકાઓથી ગ્રેટર ઈઝરાયલના ભ્રમમાં જીવી રહ્યું છે અને તે જ કારણે હુમલાઓ કરી રહ્યું છે. ખતીબઝાદેહે ચેતવણી આપી હતી કે, ઈરાન હવે એ તમામ ઠેકાણાઓ પર પ્રહાર કરશે જ્યાંથી અમેરિકા પોતાના હુમલા શરૂ કરી રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, હવે ફારસની ખાડી વિસ્તારમાંથી અમેરિકન હાજરીને સંપૂર્ણપણે સમાપ્ત કરવા સિવાય ઈરાન પાસે અન્ય કોઈ રસ્તો નથી.

### સરકારી આંકડાએ આપ્યો પુરાવો

# વિકાસના બણગા ફૂંક્યા છતાં ગુજરાત તો મહારાષ્ટ્ર કરતા પાછળ

## અર્થવ્યવસ્થામાં સૌથી મોટી છલાંગ કર્ણાટક લગાવી રહ્યું છે, તે ચાર રાજ્યોમાં સૌથી તેજીથી આગળ વધી રહ્યું છે

નવી દિલ્હી, તા.૬

દેશના ચાર મોટા રાજ્યોમાં વિકાસ દરના આંકડા પર એક નજર કરીએ તો ચાર વર્ષોમાં મહારાષ્ટ્ર અને ગુજરાત બહુ જ પાછળ રહી ગયા છે. એટલુ જ નહિ, ચાર મોટા રાજ્યોમાં સૌથી નબળો મહારાષ્ટ્રનો વિકાસદર રહ્યો છે. જ્યારે કે આ મામલે કર્ણાટકે બાજી મારી લીધી છે. સરકાર તરફથી આપવામાં આવેલી માહિતી અનુસાર, મહારાષ્ટ્રએ ગત ચાર વર્ષોમાં ભારતના ચાર મોટ રાજ્યોમાં સૌથી ધીમો વિકાસ કર્યો છે.

જોકે, તેમ છતા તે દેશની સૌથી મોટો રાજ્ય અર્થવસ્થામાં સામેલ છે. જેનો અંદાજિત જીએસડીપી ૨૦૨૪-૨૫ માં ૪૨,૬૭,૭૭૧ કરોડ રૂપિયા રહ્યો. કોરોનાકાળ બાદ મહારાષ્ટ્રનો જીએસડીપી (ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) ૨૦૨૧-૨૨ થી ૨૦૨૪-૨૫ ની વચ્ચે લગભગ ૪૩ ટકા રહ્યો છે. પરંતુ વૃદ્ધિ દરના મામલા તે કર્ણાટક, ગુજરાત અને તમિલનાડુથી લગભગ પાછળ રહ્યું છે. જોકે, કેટલાક આંકડામાં મહારાષ્ટ્ર હજી પણ ચાર રાજ્યોમાં સૌથી આગળ છે. મહારાષ્ટ્રએ આ જ સમયગાળાાં જીએસડીપીમાં લગભગ ૬૫ ટકાનો વધારો કર્યો છે. મહારાષ્ટ્રનો વૃદ્ધિ દર કર્ણાટકતી ૫૦ ટકાથી વધુ પાછળ છે. આ બધામાં ગુજરાત પણ મજબૂત ગતિએ આગળ વધી રહ્યું છે. પરંતુ તેમાં તમિલનાડુ પણ કાંટે કી ટક્કર આપી રહ્યું છે. ગુજરાતની અર્થવ્યવસ્થા તેજીથી વધી રહી છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ગુજરાતનો GSDP લગભગ ૧૮.૭૯ ટકા હતો, જે હવે વધીને અંદાજે ૨૭.૯૦ લાખ કરોડ થઈ ગયો છે. આ દરમિયાન અંદાજે ૪૮ ટકા વધારો થયો છે. તો બીજી તરફ, તમિલનાડુની અર્થવ્યવસ્થામાં પણ અંદાજે ૪૭ ટકાનો વધારો નોંધાયો છે. તેનો GSDP વધીને લગભગ ૩૧.૫૫ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

એક્સપર્ટસનું કહેવું છે કે, દક્ષિણી રાજ્યોમાં વધી રહેલું ઈન્વેસ્ટમેન્ટ, મજબૂત સ્ટાર્ટઅપ, ઈકોસિસ્ટમ અને આઈટી સેક્ટરની મજબૂતાઈને કારણે તેમની અર્થવ્યવસ્થા તેજીથી વધી રહી છે. આ જ કારણ છે કે, દક્ષિણના રાજ્યો હવે દેશની સૌથી મોટી અર્થવ્યવસ્થા મહારાષ્ટ્રની નજીક પહોંચી રહ્યા છે, અને મહારાષ્ટ્રને પડકાર આપી રહ્યાં છે.

હાલ અર્થવ્યવસ્થામાં સૌથી મોટી છલાંગ કર્ણાટક લગાવી રહ્યું છે. તે ચાર રાજ્યોમાં સૌથી તેજીથી આગળ વધી રહ્યું છે. ૨૦૨૧-૨૨ માં કર્ણાટકનો GSDP અંદાજે ૧૭.૦૨ લાખ કરોડ રૂપિયા હતો, જે વર્ષ ૨૦૨૪-૨૫ માં વધીને લગભગ ૨૮.૦૯ લાખ કરોડ રૂપિયા પહોંચી ગયું છે. એટલે કે, અંદાજે ૬૫ ટકા વધારો નોંધાયો છે. એક્સપર્ટસનું કહેવું છે કે, આઈટી અને સર્વિસ સેક્ટરની તેજીએ કર્ણાટકની અર્થવ્યવસ્થાને મજબૂતી આપી છે. વિકાસદર ઓછો હોવા છતાં મહારાષ્ટ્ર કદના મામલામાં સૌથી આગળ છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થા તમિલનાડુથી લગભગ ૧૧ લાખ કરોડ રૂપિયા વધારે છે. તો ગુજરાતથી લગભગ ૧૪ લાખ કરોડ રૂપિયા અને કર્ણાટકથી અંદાજે ૧૫ લાખ કરોડ રૂપિયા વધારે છે. ફાઈનાન્સિયલ વર્ષ ૨૦૨૪-૨૫ માં મહારાષ્ટ્રનો GSDP અંદાજે ૪૨.૬૭ લાખ કરોડ રૂપિયા રહેવાનું અનુમાન છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં તે અંદાજે ૨૯.૮૧ લાખ કરોડ રૂપિયા હતું. માત્ર ચાર વર્ષમાં તે ૪૩ ટકાનો વધારો લઈને આવ્યું. આ દરમિયાન મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થામાં અંદાજે ૧૨.૮૬ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. જે ચાર રાજ્યોમાં સૌથી વધુ છે.

### અસમમાં ઉડાણ ભર્યા બાદ રડારથી ગાયબ

# ભારતીય વાયુસેનાનું SU-30MKI ફાઈટર જેટ રડારથી ગાયબ થઈ ગયું

## PRO લેફ્ટેનન્ટ કર્નલ મહેન્દ્ર રાવતે કન્ફર્મ કરતા કહ્યું કે ઘટના વિસે વધુ જાણકારી મેળવવાની કોશિશ થઈ રહી છે

નવી દિલ્હી, તા.૬

ભારતીય વાયુસેના (IAF)નું એક સુખોઈ 30 MKI ફાઈટર વિમાનનો અસમમાં રડાર સાથે સંપર્ક તૂટી ગયો છે. સ્થિતિની ભાળ મેળવવા માટે ભારતીય વાયુસેનાની એક ટીમ મોકલવામાં આવી છે. ગુવાહાટીમાં ડિફેન્સ પબ્લિક રિલેશન ઓફિસર (PRO) લેફ્ટેનન્ટ કર્નલ મહેન્દ્ર રાવતે કન્ફર્મ કરતા કહ્યું કે ઘટના વિસે વધુ જાણકારી મેળવવાની કોશિશ થઈ રહી છે.ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરીને કહ્યું કે અસમના જોરહાટથી ઉડાણ ભરનારું એક સુખોઈ-30 MKI વિમાન ગુમ છે. વિમાનનો છેલ્લે સંપર્ક સાંજે ૭.૪૨ કલાકે થયો હતો. અત્રે જણાવવાનું કે સુખોઈ-30 MKI વિમાનની ભારતીય વાયુસેનાના શક્તિશાળી અને ભરોસાપાત્ર મલ્ટી રોલ ફાઈટર જેટમાં ગણતરી થાય છે. તે રશિયાના સુખોઈ ડિઝાઈન બ્યુરોએ વિકસાવ્યું છે. ભારતીય વાયુસેના આ ફાઈટર જેટની ખાસ કરીને કસ્ટમાઈઝ આવૃત્તિનો ઉપયોગ કરે છે. જેમાં MKIનો અર્થ છે મોર્ડનાઈઝ્ડ, કોમર્શિયલ, અને ઈન્ડિયન. આ વિમાન હવામાંથી હવામાં, હવામાંથી જમીન પર અને સમુદ્રી ટાર્ગેટ ભેદવામાં સક્ષમ છે. પ્રાથમિક રિપોર્ટ્સ મુજબ એરક્રાફ્ટ કાર્બી આંગલોંગ જિલ્લાના પહાડી વિસ્તારની ઉપર ઉડી રહ્યું હતું. અચાનક ત્યારે જ ગ્રાઉન્ડ કંટ્રોલથી તેનો સંપર્ક તૂટ્યો. એરફોર્સની સર્ચ અને રેસ્ક્યૂ ટીમોની સાથે સાથે લોકલ એડમિનિસ્ટ્રેશન અને બીજી સિક્યુરિટી એજન્સીઓના લોકોને એરક્રાફ્ટની ભાળ મેળવવા અને ઘટનાની યોગ્ય સ્થિતિને વેરિફાય કરવા માટે કામે લગાવવામાં આવી છે.

અત્રે જણાવવાનું કે સુખોઈ-30MKI એરક્રાફ્ટ સંલગ્ન અગાઉ પણ દુર્ઘટનાઓ સામે આવી હતી. ઓગસ્ટ ૨૦૧૯માં એક IAF સુખોઈ-30MKI એક રૂટિન ટ્રેનિંગ મિશન દરમિયાન અસમમાં તેજપુરની પાસે એક ધાનના ખેતરમાં ક્રેશ થયું હતું. બંને પાયલોટ જોકે સુરક્ષિત નીકળવામાં સફળ રહ્યા હતા.

આ ઉપરાંત ૨૦૧૫માં પણ વિમાન ક્રેશ થયું હતું. ત્યારે એક સુખોઈ-30MKI એરક્રાફ્ટ ટેક ઓફની તરત બાદ તેજપુર એરફોર્સ બેસથી લગભગ ૩૬ કિમી દક્ષિણમાં ક્રેશ થયું હતું. તેમાં પણ વિમાન ક્રેશ થતા પહેલા બંને પાયલોટ્સ સુરક્ષિત બહાર નીકળવામાં સફળ રહ્યા હતા.

### યુદ્ધને કારણે ભારતને મોટું નુકસાન!

# ફળ-શાકભાજી ભરેલા ૧૦૦૦થી વધુ કન્ટેનર દુબઈમાં ફસાયા!

## મધ્ય પૂર્વ સંઘર્ષના કારણે કન્ટેનરનું અલગ અલગ દેશોમાં એક્સપોર્ટ રોકાઈ જતાં લાખો કરોડોનું નુકસાન થઈ રહ્યું છે

નવી દિલ્હી, તા.૬

મધ્ય પૂર્વમાં સંઘર્ષના કારણે મહારાષ્ટ્ર સહિત દેશભરના ખેડૂતો અને નિકાસકારોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો, મહારાષ્ટ્રથી ખેત ઉત્પાદનો સાથે ગયેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈના જેબેલ અલી બંદર પર ફસાયા છે. ૨૮ ફેબ્રુઆરી જ્યારથી યુદ્ધ શરૂ થયું ત્યારથી જ કામકાજ ઠપ્પ થઈ ગયું છે. કન્ટેનરનું અલગ અલગ દેશોમાં એક્સપોર્ટ રોકાઈ જતાં લાખો કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. દુબઈનું જેબેલ અલી બંદર મધ્ય પૂર્વનું એક મુખ્ય પોર્ટ છે. જે ખાડી ક્ષેત્રોમાં ભારત સહિત અનેક દેશોના ખેત ઉત્પાદનોનું વિતરણનું મહત્વનું કેન્દ્ર છે. જો કે યુદ્ધ બાદ સ્થિતિ તંગ થઈ જતાં કામકાજ સંપૂર્ણ રીતે ઠપ્પ થઈ ગયું છે. જે કારણે દુબઈ પહોંચેલા કે ભારતથી જઈ રહેલા ઘણા શિપમેન્ટ બંદર પર ફસાઈ ગયા છે. ફસાયેલા કન્ટેનરોમાં મુખ્ય રૂપે ઓછા ટકી શકે તેવા કેળા, દ્રાક્ષ, દાડમ, તરબૂચ, પાંદડાવાળા શાકભાજી અને ડુંગળીનો સમાવેશ થાય છે. જે મોટા ભાગે મહારાષ્ટ્રથી નિકાસ થાય છે. કન્ટેનરો અટવાઈ જતાં હવે તે ખરાબ થઈ જવાની ભીતિ છે. જેનો મતલબ છે કે નિકાસકારોને ભારે નુકસાન થશે, કારોબારો ઓછો થતાં જેની સીધી અસર ખેડૂતોને થશે. ઈરાનના બંદરો પર ફળફૂટની નિકાસ કરતાં ૬૦૦-૭૦૦ કન્ટેનર ફસાયેલા છૈં મુંબઈના જવાહરલાલ નેહરુ બંદર (JNPT) પર દુબઈ જનારી દ્રાક્ષના લગભગ ૮૦ કન્ટેનર અત્યાર સુધીમાં અનલોડ જ થયા નથી. નાસિકથી નિકાસ માટે આવી રહેલા ૨૦૦થી વધુ કન્ટેનર બંદર બહાર ફસાયેલા છે. જેથી ભારે જામ પણ લાગી ગયો છે. ખેડૂત સંગઠનોએ સરકારી સહાયની માગ ઉઠાવતા કહ્યું છે કે, પ્રતિ ક્વિન્ટલ ૧૫૦૦ રૂપિયાની સબસિડી સાથે ફસાયેલા કન્ટેનરોને બંદર વેરાથી પણ માફી આપવામાં આવે. નિકાસકારોની સહાય માટે એક અસ્થાયી ખરીદ યોજના લાગુ કરવામાં આવે જેથી તેમના આર્થિક નુકસાનમાં થોડી ભરપાઈ થાય. આ ઉપરાંત ખાંડની નિકાસમાં પણ મોટો ફટકો પડે તેવા એંધાણ છે, કેન્દ્રએ આ સિઝન માટે ૨૦ લાખ ટન ખાંડના નિકાસની મંજૂરી આપી છે. પરંતુ નિકાસકારોનું અનુમાન છે કે હાલની સ્થિતિઓને કારણે માત્ર ૫ લાખ ટન ખાંડ જ વિદેશની બજારો સુધી પહોંચાડી શકાશે.

### ૩૧ માર્ચ સુધી આ ફ્લાઇટસ પર બંપર ઓફર

# અમેરિકા ઇરાનના યુદ્ધ વચ્ચે ઇન્ડિગોએ આપી પ્રવાસીઓને મોટી રાહત

## ઇન્ડિગોએ મધ્ય પૂર્વ અને ઇસ્તંબુલની ફ્લાઇટ્સ પર ફ્રી વેવર અને ફ્લેક્સેબિલિટી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવી

નવી દિલ્હી, તા.૬

ઈન્ડિગોએ મધ્ય પૂર્વ અને ઈસ્તંબુલની ફ્લાઈટ્સ પર ફ્રી વેવર અને ફ્લેક્સેબિલિટી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવી છે. ઈરાન-યુએસ-ઈઝરાયલ યુદ્ધ અને સુરક્ષા ચિંતાઓને કારણે મધ્ય પૂર્વના હવાઈ ક્ષેત્રના સતત બંધ થવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. એરલાઈને જણાવ્યું હતું કે મધ્ય પૂર્વ અને ઈસ્તંબુલ જતી ફ્લાઈટ્સ કેન્સલ થતાં ફુલ વેવર ઓને કેંન્સેલેશન આપવામાં આવ્યું છે અને ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી લાગૂ રહેશે, આ નીતિ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં કરવામાં આવેલા બુકિંગ પર લાગુ પડે છે. અસરગ્રસ્ત મુસાફરોને સંપૂર્ણ રિફંડ અથવા કોઈ વધારાના ચાર્જ વિના તેમની મુસાફરીની તારીખો બદલવાનો વિકલ્પ મળશે. ઈન્ડિગોએ જણાવ્યું હતું કે તેઓ સતત પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે અને સલામતીને પ્રાથમિકતા આપીને ફ્લાઈટ્સને સમાયોજિત અથવા સ્થગિત કરી રહ્યા છે. એરલાઈન ટીમો અસરગ્રસ્ત ગ્રાહકોનો સીધો તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સરનામાં પર સંપર્ક કરી રહી છે, તેથી મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવે છે.યુદ્ધને કારણે, ઈરાન, ઈરાક, જોર્ડન, લેબનોન અને ઈઝરાયલ સહિત મધ્ય પૂર્વના મુખ્ય હવાઈ ક્ષેત્રો બંધ અથવા પ્રતિબંધિત છે. હોર્મુઝ સ્ટ્રેટ અને ગલ્ફ ક્ષેત્રમાં વધતા ખતરાને કારણે અનેક એરલાઈન્સે ફ્લાઈટ્સ રદ કરી છે. ૨૮ ફેબ્રુઆરીથી ઈન્ડિગોની સેંકડો ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે, જેમાં ૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ ૧૧૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જો કે, કેટલીક સ્વદેશ પરત ફરવાની ફ્લાઈટ્સ જેદ્દાહ, મદીના, મસ્કત અને એથેન્સ જેવા સ્થળોથી કાર્યરત છે.ઈન્ડિગોએ મુસાફરોને એરલાઈનની વેબસાઈટ, એપ્લિકેશન અથવા સોશિયલ મીડિયા પર રીઅલ-ટાઈમ અપડેટ્સ તપાસવા અનુરોધ કર્યો છે. જો ફ્લાઈટ રદ થાય છે, તો સંપૂર્ણ રિફંડ અથવા મફત રિશેડ્યુલિંગનો લાભ લો. એર ઈન્ડિયા, અકાસા એર, એમિરેટ્સ અને કતાર એરવેઝ જેવી અન્ય એરલાઈન્સ પણ આવી જ છૂટ આપી રહી છે. આ પગલાથી હજારો મુસાફરોને રાહત મળશે, ખાસ કરીને જેઓ ગલ્ફ દેશોમાં કામ કરે છે અથવા પરિવારની મુલાકાતે આવે છે. પરિસ્થિતિ બદલાતા વધુ અપડેટ્સ ઉપલબ્ધ થઈ શકે છે

### મિડલ ઈસ્ટના યુદ્ધ પર રાજનાથ સિંહનું મોટું નિવેદન

# વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ કઈ દિશામાં જશે તે કહેવું મુશ્કેલ છે

## મિડલ ઈસ્ટનો આ તણાવ માત્ર સરહદો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે જોખમરૂપ : સંરક્ષણ મંત્રી

નવી દિલ્હી, તા.૬

મિડલ ઈસ્ટમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા ભીષણ તણાવ પર ભારત સરકારે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. કોલકાતામાં આયોજિત મેરિટાઈમ સમિટ "સાગર સંકલ્પ"ને સંબોધિત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અત્યંત અસામાન્ય છે અને આ સંઘર્ષના પરિણામોની આગાહી કરવી હાલ મુશ્કેલ છે. ચેતવણી આપતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, મિડલ ઈસ્ટનો આ તણાવ માત્ર સરહદો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે જોખમરૂપ છે. આ સંઘર્ષ હોર્મુઝ સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક વિસ્તારોને અસર કરી રહ્યો છે. આ ક્ષેત્રમાં જો કોઈ પણ પ્રકારનો વિક્ષેપ પડશે, તો તેની સીધી અસર વિશ્વભરના ઓઈલ અને ગેસ પુરવઠા પર થશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બદલાતા વૈશ્વિક સમીકરણો પર ભાર મૂકતા જણાવ્યું કે, આજે જૂના વિચારો અને જૂની માન્યતાઓ ઝડપથી બદલાઈ રહી છે. એક સમયે સમુદ્રને માત્ર વેપારનું સાધન માનવામાં આવતું હતું, પરંતુ આજે તે વ્યૂહાત્મક પ્રભુત્વ મેળવવાનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. વિશ્વ અત્યારે ભારે અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં જમીન, આકાશ અને સમુદ્ર એમ ત્રણેય મોરચે દેશો એકબીજા પર હુમલા કરી રહ્યાં છે. "સાગર સંકલ્પ" સમિટ દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નોંધ્યું હતું કે, દરેક ભૌગોલિક સ્થાન આજે એક અલગ પડકાર અને વાર્તા રજૂ કરી રહ્યું છે. વૈશ્વિક સ્તરે કંઈક નવું આકાર લઈ રહ્યું છે અને સ્થાપિત વ્યવસ્થાઓ તૂટી રહી છે. આપણે આ અનિશ્ચિતતાઓને ગંભીરતાથી સમજવાની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, મિડલ ઈસ્ટમાં મિસાઈલો અને ડ્રોન હુમલાઓને કારણે સર્જાયેલી આ સ્થિતિ ભારત જેવા દેશો માટે આર્થિક અને સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વની છે, કારણ કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આ ક્ષેત્ર પર નિર્ભર છે.

### અનિલ અંબાણી મુશ્કેલીમાં

# મુંબઈ-હૈદરાબાદમાં રિલાયન્સ પાવરના ૧૦થી ૧૨ ઠેકાણે EDના દરોડા

## EDની અંદાજે ૧૫ ટીમો દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી

મુંબઈ, તા.૬

ઉદ્યોગપતિ અનિલ અંબાણીની મુશ્કેલીઓમાં ફરી એકવાર મોટો વધારો થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા શુક્રવારે તેમની ગ્રૂપ કંપની રિલાયન્સ પાવર લિમિટેડ સામે મની લોન્ડરિંગ કેસ હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રવર્તન નિદેશાલય (ED) દ્વારા શુક્રવારે અનિલ અંબાણીની માલિકીની રિલાયન્સ પાવર લિમિટેડ વિરુદ્ધ મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે મુંબઈ અને હૈદરાબાદમાં અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન (દરોડા) હાથ ધરવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, આ બંને શહેરોમાં કંપની અને તેના વરિષ્ઠ અધિકારીઓ સાથે જોડાયેલા આશરે ૧૦-૧૨ સ્થળો પર તપાસ ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, EDની અંદાજે ૧૫ ટીમો દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસ કથિત બૅંક છેતરપિંડી સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવે છે, જેમાં અનિલ અંબાણીની ઘણી કંપનીઓની નાણાકીય લેવડદેવડ અને મની લોન્ડરિંગ અંગે ED લાંબા સમયથી તપાસ કરી રહી છે.

આ દરોડાએ અનિલ અંબાણીની આર્થિક અને સામાજિક પ્રતિષ્ઠા પર વધુ એક મોટો ફટકો માર્યો છે.

રિલાયન્સ ગ્રૂપ પહેલેથી જ વિવિધ નાણાકીય મુશ્કેલીઓ અને દેવાના બોજ નીચે દબાયેલું છે. ED દ્વારા શરૂ કરવામાં આવેલી આ તાજેતરની તપાસથી રિલાયન્સ પાવરના શેરમાં પણ ઘટાડો જોવા મળી શકે છે.

શું આપને સાંધા બદલવાનાં ઓપરેશનની સલાહ આપેલી છે.
શું આપ થાપાના કે ઘુંટણનાં સાંધાના દુખાવાથી પીડાવ છો
માં કાર્ડ તથા આયુષ્માન કાર્ડમાં આપની સારવાર તથા ઓપરેશન તદ્દન ફ્રીમાં કરી આપવામાં આવશે.
24/7 Emergency Services
Dr. Krunal Thakrar
M.S., DNB (ORTHO)
Orthopedic & Joint Replacement Surgeon
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629 / 99045 93355

### ધારાસભ્ય કસવાલાના વરદ્દહસ્તે

# સાવરકુંડલા-લીલીયા વિસ્તારમાં રૂપિયા ૨૫.૨૯ કરોડનાં વિકાસકાર્યોનો પ્રારંભ

## શાળા, માર્ગ, પંચાયત ભવન સહિતનાં કાર્યો કરાશે



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સાવરકુંડલા લીલીયા તાલુકાના ગામોમાં કુલ ૫.૨૯ કરોડનાં ખર્ચે ખાતમુહર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

આજરોજ સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે નવી ગ્રામ પંચાયત ભવન ૩૪.૮૩ લાખ ખર્ચે બનશે જેનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. તેમજ મેરીયાણા ગામે નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ ૯૨.૭૦ લાખ અને મેરીયાણા-ભંમર રોડનું રી

અનુસંધાન પાના ૬ ઉપર

### ગુજરાતમાં ફરી ચૂંટણીનો માહોલ

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનાં ઢોલ વાગ્યા : ૧ મે બાદ યોજાશે

## ૨૬૦ તાલુકા ગુજરાતમાં પંચાયત, ૩૨ જિલ્લા પંચાયત, ૧૫ મનપા અને ૭૧ નગરપાલિકામાં ચૂંટણી યોજાઈ શકે છે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ધમધમાટ હવે જોવા મળી રહ્યો છે. રાજ્યમાં લાંબા સમયથી બાકી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તૈયારીઓ તેજ બની છે. નવા અપડેટ આવ્યા છે કે, આગામી ૧ મે પછી ચૂંટણી યોજાઈ શકે છે, તેથી રાજકીય પક્ષોમાં ધમધમાટ શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ત્રણેય રાજકીય પક્ષોએ પોતાના સોગઠા ગોઠવવાનું શરૂ કરી દીધું છે.

ગુજરાતમાં ભર ઉનાળે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી જાય તેવા ભણકારા વાગી રહ્યાં છે. હવે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર,

અનુસંધાન પાના ૬ ઉપર

અશ્રુભીની શ્રદ્ધાંજલિ
સ્વ.બંસી દિનેશભાઈ ભટ્ટ (ઉ.વ.૨૪)
સ્વ.તા.૨૮-૦૨-૨૦૨૬, શનિવાર, (એડવોકેટ)
આત્મા કદી જનમતો નથી કે મૃત્યુ પામતો નથી, જે નાશ પામે છે તે શરીર છે, આત્મા આજીવન શાશ્વત અને અમર છે. ભગવાન સદાશિવ આપના દિવ્ય આત્માને નિજ કૈલાસમાં વાસ કરાવે એ જ પ્રાર્થના...
: લિ. શોકાતુર :
ઉદયન ત્રિવેદી (એડવોકેટ)
હરનીલ ત્રિવેદી (એડવોકેટ)
જયેશ ત્રિવેદી (એડવોકેટ)
ધવલ ઠાકર (સ્માર્ટ કલાસીસ)
(અમરેલી)

### જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજયમંત્રી કૌશિક વેકરીયાનાં વરદ્દહસ્તે

# વરસડા મુકામે ૪૨ કરોડનાં ખર્ચે કાર્યરત થયેલ ઈશ્વરીયા સુધારણા જૂથ પાણી-પુરવઠા યોજનાનું લોકાર્પણ કરાયુ

## અમરેલી, લાઠી અને લીલીયાનાં ૫૦ ગામોને પીવાનું શુદ્ધ પાણી મળશે



અમરેલી, તા. ૬

આજરોજ અમરેલીનાં વરસડા મુકામે જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે 'ઈશ્વરીયા સુધારણા જૂથ પાણી પુરવઠા' યોજનાનું લોકાર્પણ કરવામા આવ્યું હતું. આ પ્રસંગે ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સંસદ સભ્ય ભરતભાઈ સુતરિયા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

ઉલ્લેખનીય છે કે, આ પાણી પુરવઠા યોજના માટે અંદાજે રૂ.૪૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આર.સી.સી સંપ, વોટર ફિલ્ટર પ્લાન્ટ, પંપ હાઉસ સહિતની સુવિધા ઉપલબ્ધ છે. આ યોજના સાકાર થતાં અમરેલી, લાઠી અને લીલીયા તાલુકાના કુલ ૫૦ ગામડાઓને શુદ્ધ પીવાના પાણીની સુવિધાનો લાભ મળશે. સાથે વરસડા સ્થિત હયાત તળાવનું અંદાજે રૂ. ૧૯ લાખના ખર્ચે રિનોવશન કામગીરી હાથ ધરવામાં આવશે. રાજસ્વી મહાનુભાવોનાં હસ્તે તળાવના રિનોવેશન માટે ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યું હતું.

જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સમગ્ર રાજયમાં કોઈએ કલ્પના ન કરી હોય તે પ્રકારે વિકાસની કામગીરી તેજ ગતિથી આગળ ધપી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય નાગરિકોના જીવન ધોરણમાં બદલાવ આવે તે પ્રકારે વિકાસની કેડી કંડારી છે. રાજય સરકાર 'પાણીદાર' વિકાસનું સપનું સાકાર કરી રહી છે. એક સમય હતો ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની વિકરાળ સમસ્યા હતી. હવે, સમય બદલાયો અને ફિલ્ટર પ્લાન્ટ મારફત છેવાડાના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચી રહયું છે.

ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે,ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યા ભૂતકાળ બની છે. નર્મદા નદીનું પાણી ઘર ઘર સુધી પહોંચી રહયું છે. 'જલ જીવન મિશન' અંતર્ગત 'હર ઘર જલ'ના સપનાઓ સાકાર થયા છે.

વરસડા મુકામે તાલુકા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પારદર્શિતા સાથેની સરકારી વ્યવસ્થા થકી સરકારી સેવાઓ આજે છેવાડાના લાભાર્થી સુધી પહોંચી રહી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ચામડીનાં રોગો ખીલનાં ડાઘ ખાડાની સારવાર તેમજ વાળનાં રોગો ખોડો, ટાલ, વાળ ખરવા જેવા રોગોની આધુનિક સારવાર માટે
આયુરગ્લો
આયુર્વેદિક એસ્થેટિક્સ
ડૉ. બીના જી. રાબડીયા (BAMS, PGDACC, ADHM, CCCH)
ડૉ. કેયુર આર. કોટડીયા (MBBS, DNB, FID, FIE, FCCM, FCCS)
દુ.નં. ૧-૨, સ્વામિનારાયણ મંદિર રોડ, માણેકપરા, અમરેલી

દુઃખદ અવસાન/બેસણું
સ્વ. શારદાબેન મનુભાઈ પાઠક (ઉ.વ.૮૨)
સ્વ. તા. ૦૫/૦૩/૨૦૨૬, ગુરૂવાર, મુ. લીલીયા મોટા
દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા માતુશ્રી શારદાબેન મનુભાઈ પાઠક (ઉ.વ.૮૨) તા. ૦૫/૦૩/૨૦૨૬ને ગુરૂવારનાં રોજ સ્વર્ગવાસી થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના ઓમ શાંતિ... ઓમ શાંતિ...
:: સદ્ગતનું બેસણું ::
તા. ૦૮/૦૩/૨૦૨૬, રવિવારે બપોરે ૩ થી ૬ કલાકે સ્થળ : મનુસ્મૃતિ, કીકાણી પ્લોટ, ઉમિયા મંદિર રોડ, લીલીયા મોટા, જી. અમરેલી ખાતે રાખેલ છે
તા. ૦૯/૦૩/૨૦૨૬, સોમવારે બપોરે ૩ થી ૬ કલાકે સ્થળ : ૩૪, ગાયત્રીનગર, હાઈસ્કુલ પાછળ, ઢસા જંકશન, તા. ગઢડા, જી. બોટાદ
લી. કિશોરકુમાર એમ. પાઠક (એડવોકેટ) (૯૪૨૭૪ ૨૫૫૪૦)
હિતેષકુમાર એમ. પાઠક (૯૪૨૭૪ ૧૯૯૫૩)
ધ્રુવદીપ પાઠક (૯૯૭૪૩ ૫૫૭૦૬)
જૈમિન પાઠક (૮૧૫૩૯ ૩૯૫૦૧)
તેમજ પાઠક પરિવારનાં જયશ્રી કૃષ્ણ

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડૉ. ધવલ તન્ના રૂમેટોલોજીસ્ટ વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત તા.૦૭/૦૩/૨૦૨૬ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૬:૦૦
ડૉ. ઉત્સવ ડી. ઉનડકટ ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ હૃદયરોગ નિષ્ણાંત તા.૦૮/૦૩/૨૦૨૬ - રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
કિડની, મૂત્રાશય તથા પુરૂષ રોગોના તમામ પ્રકારના રોગોના નિદાન અને સારવાર માટે આપણા અમરેલી શહેરમાં તા. ૦૭/૦૩/૨૦૨૬, શનિવારનાં રોજ ગોલ્ડ મેડાલિસ્ટ ડૉ. મૈત્રેય જોશી (MS,MCH, Urology) દ્વારા ફ્રી નિદાન કેમ્પ યોજવામાં આવ્યો છે.
સ્થળ : ડોક્ટર હાઉસ, લાઠી રોડ, અમરેલી. સમય : સવારે ૧૦ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડૉ. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડૉ. રૂચિતા જેઠવા (M.D.)
ડૉ. આર.ડી. ધોડાસરા (M.S.) | ડૉ. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ
ડૉ. ઉત્સવ ઉનડકટ | ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | મો. ૭૯૯૯૩ ૯૫૫૨૯
ડૉ. કોમલ વ્યાસ ઉનડકટ | ડી.એન.બી. - ગાયનેક. ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ | મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંઘીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,46,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૬/૦૩/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)